# સત્સંગ વાચનમાળા

## ભાગ પહેલો

# અનુક્રમણિકા


૧. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી ........ ૧

૨. સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી ........ ૧૩

૩. સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી ........ ૧૭

૪. ભક્તરાજ દરબાર શ્રી ઝીણાભાઈ ........ ૨૩

૫. ભક્તરાજ જોબન પગી ........ ૩૧

૬. ભક્તરાજ જીવુબા ........ ૩૯

૭. સ્વામી નિર્ગુણદાસજી ........ ૪૩

૮. સ્વામી યજ્ઞપ્રિયદાસજી ........ ૫૩



સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી

# સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી

દરબાર ખીચોખીચ ભરાયો હતો. શિરોહી મહારાજનો આદેશ થયો અને બાલકવિ લાડુદાનજીએ સ્વરચિત કાવ્યો સુંદર રાગ-ઢાળમાં લલકાર્યાં. વાક્છટા પણ અદ્ભુત. સાંભળીને તાળિયોના ગડગડાટ થયા. સૌ આશ્ચર્યમુગ્ધ બન્યા. રાજ્યના આ અણમૂલા રતનનો પ્રકાશ સર્વત્ર પ્રસરે તો કેવું ? રાજાને વિચાર થયો.

માતા લાલુબા અને પિતા શંભુદાનજીને પણ સ્વપ્નમાં પ્રભુએ પ્રેરણા આપી. તેઓ રાજાના વિચારમાં સંમત થયા. કચ્છ જતાં એક વિપ્રનો સંગાથ મળ્યો. સૌના આશીર્વાદ મેળવી લાડુદાનજી ભુજ પિંગળશાસ્ત્ર શીખવા નીકળ્યા.

શિરોહી તાલુકાના ખાણ ગામમાં સં. ૧૮૨૮ની વસંત પંચમીએ પ્રગટ થયેલા આ બાળ ભક્તકવિ, કચ્છના રાવના મહેમાન થયા.

આ તેજસ્વી બાળકને જોઈને ગુરુ અભયદાનજી રાજી થયા. દસ વર્ષ પસાર થઈ ગયાં. તીવ્ર બુદ્ધિ અને સ્મરણશક્તિથી લાડુદાનજી પિંગળ અને બીજાં શાસ્ત્રોમાં પ્રવીણ થયા. કચ્છના રાવે રાજદરબારમાં વિદ્યાનાં પારખાં કર્યાં. સારો સરપાવ આપ્યો. રાજકવિરત્ન, પિંગળવિદ્યાચાર્ય, મહા-મહોપાધ્યાય, મહાકવીશ્વર, શતાવધાની વગેરે પ્રમાણપત્રો આપ્યાં; અને પોતાના રાજ્યમાં જ અખંડ સેવા આપવા નિવેદન કર્યું. લાડુદાનજીને પોતાને વતન પાછા ફરવાની તીવ્ર ઈચ્છા હતી. તેથી રાવનું ઋણ સદાને માટે સ્વીકારી લઈને વિદાય લીધી.

રસ્તામાં ધમડકામાં વિપ્ર ભટ્ટાચાર્ય પાસે સંસ્કૃત અને સંગીતની શિક્ષા લીધી. અહીં રામાનંદ સ્વામીનો મેળાપ થયો. આશીર્વાદ પામ્યા. આગળ જતાં ધ્રાંગધ્રા, જામનગર, દ્વારકા, જૂનાગઢ વગેરે રાજ્યોમાં ખૂબ જ સત્કાર પામ્યા. ઉત્તમ પ્રકારની ભેટ-સોગાદો ચરણોમાં પડવા લાગી.

ભાવનગરને આંગણે વજેસિંહના દરબારમાં તો કવિની વાક્ધારાએ માઝા મૂકી. કવિશ્રીને સુવર્ણથી આભૂષિત કરવા નરેશે રાજ્યસોનીને બોલાવ્યા.

અહીં લાડુદાનજીએ એક આશ્ચર્ય જોયું. સોની મહાજનના કપાળમાં

ગોપીચંદનનું સોહામણું તિલક અને કંકુનો ગોળ ચાંદલો!

કવિએ પૂછપરછ કરી. ત્યારે બાપુએ જ વચ્ચે કહ્યું: 'મારી મનની આ ભાંજગડ તમારે દૂર કરવાની છે. મારા રાજ્યમાં ગઢડું ગામ છે. ત્યાં એક સ્વામિનારાયણ આવ્યા છે. કાઠીઓ તેમને ભગવાન માને છે. મને તો ધતિંગ લાગે છે, પણ તમે જઈને એનું પારખું કરો.'

યૌવન, વિદ્યા અને કીર્તિના અભિમાનમાં લાડુદાનજીએ સીધી ગઢડાની વાટ પકડી, પણ રસ્તામાં મન પાછું પડવા લાગ્યું. 'સાચું પણ હોય' એવી શંકા થઈ. 'તો મારા સંકલ્પો પૂરા કરે,' – એવો વિચાર આવતાં મનમાં ચાર ઈચ્છાઓ ગોઠવી:

'એમણે ધારણ કરેલો ગુલાબનો હાર મને પહેરાવી નામ દઈને બોલાવે.'

'બંને ચરણારવિંદમાં સોળ દિવ્ય ચિહ્નો દેખાડે.'

'મારી ઓળખાણ આપે.'

'કાળા વસ્ત્રમાં વીંટેલો ભાગવતનો ગ્રંથ વાંચતા હોય.'

ગઢપુર ગામમાં પ્રવેશતાં જ કવિને શાંતિનો અનુભવ થયો. સહજાનંદ સ્વામી દાદાખાચરના દરબારમાં લીંબડાના વૃક્ષ નીચે સંત-હરિભક્તોની સભા ભરીને બેઠા હતા. કોટમાં ગુલાબનો હાર શોભતો હતો. સામે કાળા કામળા ઉપર ભાગવતનો ગ્રંથ પડ્યો હતો.

લાડુદાનજીએ દરબારમાં પ્રવેશ કર્યો. પ્રભુએ એમને નામ દઈને બોલાવ્યા. ગુલાબનો હાર પહેરાવી સત્કાર્યા. વાતવાતમાં એમનું પૂર્વવૃત્તાંત કહી સંભળાવ્યું. પોતાનાં ખુલ્લાં ચરણારવિંદમાં સોળ ચિહ્નોનાં દર્શન કરાવ્યાં.

લાડુદાનજીના આનંદની સીમા ન રહી. હૈયું ગદ્ગદ થયું. કંઠમાંથી કવિત સરી ગયું:

*ધન્ય આજની ઘડી રે, ધન્ય આજની ઘડી,*
*નેણે નીરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી. ધન્ય૦*
*જ્ઞાનકૂંચી ગુરુ ગમસે, ગયાં તાળાં ઊઘડી,*
*લાડુ સહજાનંદ નિહાળતાં, ઠરી આંખડી રે. ધન્ય૦*

કવિનાં હૃદયદ્વાર ખૂલી ગયાં. પ્રભુની દૃષ્ટિમાં દૃષ્ટિ મળી. સમાધિ થઈ.

એમના મામા સાથે હતા. તેઓ આ બધું જોઈને ગભરાયા. પ્રભુને ઠપકો આપવા લાગ્યા. ત્યાં એમને પણ સમાધિ થઈ. આ વાતાવરણ જોઈને

સભાજનો પણ ચકિત થઈ ગયા !

કદી નહીં જોયેલું દિવ્ય તેજ, સર્વત્ર તેજ તેજ, એમાં પ્રભુની મનોહર મૂર્તિ, અવતારો હાથ જોડી એમની સ્તુતિ કરે. આ અલૌકિક દર્શન કવિની આંખોમાં જડાઈ ગયું. હર્ષાશ્રુ વહેવા લાગ્યાં, હૃદય ભરાઈ ગયું. પ્રભુનાં ચરણો પકડી લીધાં. જીવનભર આ ચરણોની ભક્તિ માગી.

મીઠાની પૂતળી પાણીનો તાગ કાઢવા ગઈ અને પાણીમાં સમાઈ ગઈ. તેમ લાડુદાનજી શ્રીજીમહારાજની મૂર્તિમાં, મનોમન સમાઈ ગયા. રાજકવિ મટીને મહારાજના સેવક બની ગયા.

એક વખત મહારાજે એમને આદેશ આપ્યો કે ‘આ દાદાની બહેનો – લાડુબા ને જીવુબા, ગૃહસ્થાશ્રમમાં છે છતાં ત્યાગીના નિયમો પાળે છે. અમારું બહુ ખોટું દેખાડે છે. માટે એમને સમજાવો.’

બંને બહેનો કોઈ પુરુષનું મુખ જોતી નહોતી. તેથી વચમાં પડદો નાખીને કવિરાજ બહેનોને ગૃહસ્થના ધર્મની વાતો સમજાવવા લાગ્યા.

શાંતિથી સાંભળ્યા પછી બંને બહેનોએ કવિને કહ્યું: ‘આ દેહની શોભા આત્મા વડે છે. આત્માને લીધે દેહ હાલે છે, ચાલે છે, ક્રિયા કરે છે. આત્મા વગર દેહની કિંમત નથી. તમે આ સારાં વસ્ત્રાભૂષણો પહેરો છો, પણ તમારામાં કોઈને મોહ થાય તો એ પાપ કોને લાગે ? માટે આ રજોગુણ છોડીને, સાત્ત્વિકભાવે ભગવાનની ભક્તિ કરો.’

બંને બહેનોની આ દિવ્ય વાણીથી લાડુદાનજીને અંતરમાં ચોટ લાગી. મહારાજ પાસે આવી વસ્ત્રાભૂષણો ઉતારી દીધાં. સાધુ બનાવવા વિનંતી કરી. મહારાજે એમને દીક્ષા આપી, શ્રીરંગદાસ એવું નામ પાડ્યું. કવિરાજ સંત-પંક્તિમાં ભળ્યા.

શ્રીરંગદાસજી પોતાની કવિત્વ શક્તિથી અને રમૂજી સ્વભાવથી મહારાજને હંમેશાં પ્રસન્ન રાખતા, તેથી મહારાજ એમને ‘બ્રહ્માનંદ’ કહીને પણ સંબોધતા.

લાડુદાનજીને મૂકીને એમના મામા ખાણ ગામ પહોંચ્યા. અહીં કુટુંબીઓને ગઢપુરમાં બનેલી વાત કહી. આ સાંભળી લાડુદાનજીને સમજાવવા સર્વ કુટુંબીઓ તરત ગઢપુર આવ્યાં. બ્રહ્માનંદ સ્વામીએ એમને સૌને મહારાજનો અદ્‌ભુત મહિમા સમજાવ્યો. સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ, તો

મનુષ્યજીવન સાર્થક કરવા પોતાનો છેવટનો નિર્ણય જણાવ્યો. એમને મનથી વરી ચૂકેલી કન્યા પણ સાથે હતી. એને પણ સ્વામીએ કહી મોકલ્યું :

*'રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું....'*

છતાં સૌ કરગરતા રહ્યા. સ્વામી ચલિત ન થયા. એમનો નિશ્ચય અચળ હતો. કસોટી કરવા મહારાજે પણ એમને ઘેર જવા આજ્ઞા કરી. આ આદેશ સાંભળી જાણે વીજળી પડી હોય એમ બ્રહ્માનંદ સ્વામી મૂર્છિત થઈ ગયા. કુટુંબીઓએ એમનો સાચો ભાવ જોયો. સૌના મન પીગળી ગયાં. માતાના કોડ પૂરા કરવા મહારાજ બ્રહ્માનંદ સ્વામીની 'મા' બન્યા. પોતાની પ્રસાદીનો રેંટો એમનાં માને આપ્યો અને સૌને રાજી કરી વિદાય કર્યા.

બ્રહ્માનંદ સ્વામીની અપૂર્વ પ્રતિભા, જ્ઞાન અને વાક્છટાથી મોટા વિદ્વાનો મુગ્ધ થઈ જતા અને મહારાજનું શરણું સ્વીકારતા. તેઓ ઘણુંખરું મહારાજ સાથે જ ગામોગામ ફરતા.

સંસ્કૃતનો વધુ અભ્યાસ કરવા મહારાજની આજ્ઞાથી તેઓ સુરત ગયા.

અહીં રાજ્યના માનીતા સંસ્કૃતના પ્રખર વિદ્વાન અને વેદાંતી મુનિબાવા મહાભિમાની હતા. નમ્રતા અને તેજસ્વિતાથી બ્રહ્માનંદ સ્વામીએ મુનિબાવાને વશ કર્યા. સંસ્કૃતવિદ્યામાં પારંગત બન્યા. આત્મા અને પરમાત્માનો સાચો સિદ્ધાંત પોતાના ગુરુને સમજાવ્યો. મહારાજના મહિમાની વાતો કરી.

આ શબ્દોના પ્રભાવથી જ મુનિબાવાને બ્રહ્મના પ્રકાશનું દર્શન થયું અને મહારાજનાં દર્શન કરવાની ઉત્કંઠા જાગી. બ્રહ્માનંદ સાથે પોતે ગઢપુર ગયા.

મહારાજે મનુષ્યચરિત્ર કર્યું. મુનિબાવાની ઉપેક્ષા કરી.

મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું: 'મહારાજ! આ મુનિબાવા આવ્યા છે.'

મહારાજે તેમની સામું જોયા વિના પૂછ્યું: 'કોણ મુનિબાવા ?'

મુનિબાવાને આથી ખોટું લાગ્યું. તેઓ સભા છોડી ચાલ્યા ગયા. સુરત પાછા જવા તૈયાર થયા. મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીએ ખૂબ સમજાવીને તેમને રોક્યા. અપમાનને ભુલાવવા સન્માન કર્યું. દાદાખાચર તથા જીવાખાચર અને અન્ય ભાયાતોને ઘેર તેમની ધામધૂમથી પધરામણી કરી, નગદ ભેટ મૂકી. મુનિબાવા રાજી થઈ ગયા.

બીજે દિવસે વાસુદેવ નારાયણની સંધ્યા આરતીનાં દર્શન કરવા દાદાના

દરબારમાં ગયા. તે વખતે મહારાજ ઓસરીમાં બે થાંભલા વચ્ચે પહોળા હાથ રાખી ઊભા હતા. પાછળ ભગુજી, મહારાજનું આસન ગોઠવવા મણ એકનો તકિયો લઈ, મહારાજ માર્ગ આપે એની રાહ જોઈને ઊભા હતા. મહારાજે પાછળ તેમના તરફ જોયું. તેમના હાથમાંથી તકિયો લઈ લીધો. એક આંગળી ઉપર તકિયો ગોળ ગોળ ફેરવ્યો અને લીંબડા નીચે જ્યાં આસન પાથર્યું હતું ત્યાં ફેંક્યો. તકિયો બરોબર આસન પર ગોઠવાઈ ગયો. મુનિબાવાએ આ જોયું. ગોવર્ધનધારીની મૂર્તિ તેણે મહારાજમાં નિહાળી. તેમનું મન પીગળ્યું.

મહારાજ પાસે આવી તેમણે હાથ જોડ્યા. મહારાજે તેમને પોતાની બાજુમાં બેસાડ્યા. પોતે પહેરેલો ગુલાબનો હાર તેમને પહેરાવ્યો. મુનિબાવા રાજી થઈ ગયા. ગુલાબની મીઠી સુગંધ લેતાં તેમને શ્રીજીમહારાજની કૃપાથી સમાધિ થઈ. આ દિવ્ય દર્શનથી તેમને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા થઈ. મહારાજ પાસે નમ્ર બની દીક્ષાની યાચના કરી. મહારાજે તેમને ભાગવતી દીક્ષા આપી, પણ નામ તો 'મુનિબાવા' જ રાખ્યું. બ્રહ્માનંદ સ્વામી રાજી થયા.

મહારાજના આદેશથી મુનિબાવા પછી સુરત ગયા. અહીં અરદેશર કોટવાલ વગેરે રાજ્યના કારભારીઓને એમણે સત્સંગ કરાવ્યો. ખૂબ જ ધામધૂમપૂર્વક રાજ્યમાં શ્રીજીમહારાજની પધરામણી કરી. મહારાજે રાજી થઈને અરદેશર કોટવાલને પોતાની પ્રસાદીની પાઘ આપી હતી.

એક વખત શ્રીજીમહારાજ સૌ સંતો-હરિભક્તો સાથે કચ્છ પધાર્યા. માંડવીમાં શ્રીજીએ બ્રહ્માનંદ સ્વામીને અશ્વ ઉપર બેસાડી ગામમાં સામૈયું કરાવ્યું. અહીં પ્રખર વેદાંતી ખૈયો ખત્રી રહેતો હતો. તેણે મહારાજ સાથે શાસ્ત્રચર્ચા કરવાની ઇચ્છા બતાવી. મહારાજે સ્વામીને શીખવાડ્યું: 'ખૈયો આવે ત્યારે તમારે મારી ગાદી ઉપર બેસવું. હું નીચે બેસીશ. ખૈયો પ્રશ્ન પૂછે ત્યારે તમારે કહેવું – આ મારા શિષ્ય ઉત્તર કરશે.'

સ્વામીને આ ઘણું અનુચિત લાગ્યું, પણ મહારાજની આજ્ઞા આગળ તેઓ લાચાર હતા.

ખૈયો ખત્રી પોતાના શિષ્યો સાથે સભામાં આવ્યો. પુષ્ટ અને તેજસ્વી શરીરને લીધે બ્રહ્માનંદ સ્વામી પાટ ઉપર સારા શોભતા હતા. ખૈયાએ બ્રહ્માનંદ સ્વામીને જ સ્વામિનારાયણ ભગવાન જાણીને પ્રશ્નો પૂછ્યા.

'એના ઉત્તર તો અમારા આ શિષ્ય આપશે,' એમ કહી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજ તરફ આંગળી ચીંધી.

પછી મહારાજે એમના પ્રશ્નોના સચોટ ઉત્તરો આપ્યા. આથી, ખૈયો સ્તબ્ધ થઈ ગયો. એને શંકા થઈ કે 'આ બેમાં સ્વામિનારાયણ કોણ?' ત્યારે એની માએ દૂર બેઠાં કહ્યું: 'આ નાનો સાધુ બ્રહ્મ છે ને ઉપર બેઠો છે એ ઢગો બ્રહ્મ છે.' આ સાંભળી મહારાજ હસવા લાગ્યા.

બ્રહ્માનંદ સ્વામીએ એકદમ મહારાજને ઊભા કરી ગાદીએ બેસાડ્યા. પોતે નીચે બેઠા. ખૈયાની ભ્રાંતિ દૂર થઈ અને મહારાજનો આશ્રિત થયો.

મહારાજે મંદિર-નિર્માણની પ્રવૃત્તિ શરૂ કરી. સૌ પ્રથમ અમદાવાદનું મંદિર કરવા મહારાજે બ્રહ્માનંદ સ્વામીને મોકલ્યા. આવાં વ્યાવહારિક કાર્યો સ્વામી બહુ કુનેહથી સારી રીતે પાર પાડતા. અહીં જનરલ ગોર્ડન સાહેબને મળીને જમીનનો લેખ કાયમી કરાવ્યો. ટૂંક મુદતમાં જ મંદિરનું કામ પૂરું કર્યું. મોટો સમૈયો કર્યો. નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી.

આવી અનેકવિધ પ્રવૃત્તિમાં પણ સ્વામી કાવ્યરચનાનું કામ તો અવિરત ચાલુ જ રાખતા. મંદિરોની સેવામાં પણ પોતે ભળતા. પથરા વહેરવા, ચૂનાની ચક્કી ફેરવવી, પાયા ખોદવા વગેરે પ્રવૃત્તિ કરતાં કરતાં પણ કાવ્યોની ગૂંથણી તો ચાલુ જ રહેતી. થોડી નિરાંત મળતી કે તરત તે કાગળ ઉપર ટપકાવી લેતા.

ત્યારપછી વરતાલમાં મંદિર કરવાની મહારાજની આજ્ઞા થઈ. મહારાજે એક શિખરનું નાનું મંદિર કરવા કહેલું, પણ બ્રહ્માનંદ સ્વામીએ તો ત્રણ શિખરના મંદિરનો આરંભ કર્યો. ગુજરાતની પોચી જમીનમાં પાયા ઘણા ઊંડા ગયા. તેથી ઘણોખરો માલસામાન પાયામાં જ પુરાઈ ગયો. મહારાજે સ્વામીને પહોંચ વિચારીને મંદિર કરવા લખ્યું, ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ લખી મોકલ્યું:

*'સાહેબ સરીખા શેઠિયા, બસે નગરકી માંહી,*
*તાકે ધનકી ક્યા કમી! જાકી હૂંડી ચલે નવખંડ માંહી.'*

મહારાજ અવારનવાર વરતાલ પધારતા, નજર રાખતા. તેથી તે કામ પણ સારી રીતે પૂરું થયું. ધામધૂમથી લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી. અહીં મહારાજે 'હરિકૃષ્ણ' નામથી પોતાની મૂર્તિ પણ પધરાવી.

જૂનાગઢમાં પણ મંદિર કરવા મહારાજે બ્રહ્માનંદ સ્વામીને મોકલ્યા.

ગુણાતીતાનંદ સ્વામી પણ બ્રહ્માનંદ સ્વામી સાથે ઘણુંખરું રહેતા અને સેવા કરતા.

જૂનાગઢમાં નાગરોનો ઘણો વિરોધ હતો, પણ બ્રહ્માનંદ સ્વામીએ નવાબને પ્રભાવિત કર્યા. મહારાજનો મહિમા કહ્યો. આથી, મંદિરના કામમાં ઘણી સરળતા થઈ. નાગરો પાછા પડ્યા. મંદિર પૂરું થયું. બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને તેડાવ્યા. શહેરમાં અદ્‌ભુત સામૈયું થયું. આ વખતે બ્રહ્માનંદ સ્વામીને બેસવા માટે નાગરોએ દ્વેષથી એક મદોન્મત્ત ઘોડાને મોકલ્યો, પણ સ્વામીના સ્પર્શથી જ તે ઘોડો નરમ પડી ગયો. આથી જ મહારાજ તેમને યતિ કહેતા.

જૂનાગઢમાં વેદવિધિથી રાધારમણદેવની પ્રતિષ્ઠા થઈ. નવાબે મહેલમાં મહારાજની અને સંતોની પધરામણી કરી. પોતાનું ભલું કરવા મહારાજને પ્રાર્થના કરી. આશીર્વાદ આપી મહારાજે એમને રાજી કર્યા. નવાબની વિનંતીથી ગુણાતીતાનંદ સ્વામી જેવા સમર્થ સંતને મહારાજે અહીં મહંત તરીકે નીમ્યા.

મહારાજ સંતોની અનેક રીતે કસોટી કરતા. એમાં એક નવીન નિયમ શરૂ કર્યો – દરેક સંતને ત્રણ હાથનું જ ટાટ (કંતાન) પહેરવા આપવું. વારાફરતી સંતો મહારાજ પાસે આવીને કંતાન લઈ ગયા.

બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા. નિયમ મુજબ મહારાજે એમને ત્રણ હાથ કંતાન માપી આપ્યું.

સ્વામીએ મહારાજને વિનંતી કરીઃ 'મારું સ્થૂળ શરીર છે. આટલું કંતાન નહીં ચાલે. થોડું વધારે આપો.'

'નિયમમાં ફેરફાર નહીં થાય. તમારું શરીર ઘટાડો. ઉપવાસ કરો.' મહારાજે કહ્યું.

'પણ એકદમ શરીર કેમ ઘટે?' એમ કહેતાં સ્વામી ઉપર, નીચે એમ ચારેય બાજુ જોવા લાગ્યા.

મહારાજે પૂછ્યુંઃ 'શું જુઓ છો?'

ત્યારે તેમણે કહ્યુંઃ 'એક નખ જેટલી પૃથ્વીમાં પણ તમારા વિના બીજો ભગવાન ભાળતો નથી. એટલે અહીં રહ્યા વગર છૂટકો નથી.'

બ્રહ્માનંદ સ્વામીની નિષ્ઠા જોઈ મહારાજ અતિ રાજી થયા. તરત જ

મોટું કંતાન પહેરવા આપ્યું.

એક વખત મહારાજ સભા ભરીને બેઠા હતા. રાત્રિનો સમય હતો. મહારાજે નિયમ કર્યો હતો કે ઝોલાં ખાય તેને બેરખો (મોટા મણકાની નાની માળા) મારવો. એકાએક મહારાજે બેરખો ઝોલાં ખાતા બ્રહ્માનંદ સ્વામીના માથામાં માર્યો. સ્વામી ચમક્યા. તરત જ સજાગ થઈ ગયા. મહારાજને બેરખો પાછો આપ્યો, પણ પૂછ્યું: 'મહારાજ ! બેરખો કેમ મને માર્યો ?'

મહારાજે કહ્યું: 'તમે ઝોલાં ખાતા હતા.'

'મહારાજ ! હું તો કવિતા કરતો હતો. ઝોલાં નહોતો ખાતો.' બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું.

આ હાજરજવાબથી મહારાજ મનોમન રાજી થયા. તરત જ સ્વામીને કહ્યું: 'તો સંભળાવો તમારું કીર્તન.'

બ્રહ્માનંદ સ્વામીએ કીર્તન ઉપાડ્યું:

*'તારો ચટક રંગીલો છેડલો, અલબેલા રે,*
*કાંઈ નવલ કસુંબી પાઘ, રંગના રેલા રે.'*

પોતે એક કડી બોલાવે, સંતો ઝીલે, એટલી વારમાં બીજી કડી રચે. આવી રીતે ચાર પદ બોલ્યા. એમની આ શીઘ્રકવિત્વ શક્તિથી મહારાજ અને સંતો ઘણા રાજી થયા.

મહારાજે ગઢપુરમાં મંદવાડ ગ્રહણ કર્યો. બ્રહ્માનંદ સ્વામીને પોતે રોજ પોતાની પાસે બોલાવે, પ્રશંસા કરે, પોતાના થાળની પ્રસાદી આપે. સ્વામીને શંકા થઈ. આમાં કંઈ રહસ્ય છે. ધીરે ધીરે મહારાજનો મંદવાડ વધવા લાગ્યો. બ્રહ્માનંદ સ્વામીએ સંજીવની ઔષધ તૈયાર કર્યું. મહારાજની આગળ ધર્યું, પણ મહારાજે તે ન લીધું. બ્રહ્માનંદ સ્વામીએ અને અન્ય સંતોએ ઘણી વિનંતી કરી. સ્વામીને થયું: 'મહારાજ કદાચ આ લોકમાં હવે વધુ નહીં રહે.'

એવામાં મહારાજે બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢ જવાની આજ્ઞા કરી. આ સમયે મહારાજને મૂકીને દૂર જવાનું કોને મન થાય ? પણ મહારાજે ધીરજ આપીને તેમને મોકલ્યા અને કહ્યું: 'જઈને તરત જ ગુણાતીતાનંદ સ્વામીને અહીં મોકલજો.'

બ્રહ્માનંદ સ્વામી જૂનાગઢ પહોંચ્યા અને ગુણાતીતાનંદ સ્વામીને મહારાજનો સંદેશો આપ્યો. ગુણાતીતાનંદ સ્વામી તે સંદેશો સાંભળી તરત જ

ગઢપુર આવ્યા. તેમને મળીને મહારાજ સ્વધામ પધાર્યા.

મહારાજના વિરહનું દુઃખ બ્રહ્માનંદ સ્વામીને અસહ્ય લાગ્યું. મહારાજે દિવ્ય દેહે દર્શન આપ્યાં ત્યારે એમને શાંતિ થઈ.

મહારાજના અક્ષરધામગમન પછી બ્રહ્માનંદ સ્વામીને ક્યાંય ચેન પડતું ન હતું, પરંતુ મહારાજે મૂળીમાં મંદિર કરવાની આજ્ઞા કરી હતી, તેથી તે કાર્ય શરૂ કર્યું. પથ્થર અને પાણીની ઘણી મુશ્કેલી હતી. મહારાજે દર્શન દઈને પથ્થરની ખાણ બતાવી. મંદિરનું કામ જોતજોતાંમાં પૂરું થયું. સ્વામીનું આ અંતિમ કાર્ય હતું. તેથી કળા-કારીગરીથી ભરપૂર, અદ્‌ભુત મંદિરની તેમણે રચના કરી. અમદાવાદના આચાર્યશ્રીના હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા ખૂબ જ ધામધૂમથી થઈ.

ત્યારપછી બ્રહ્માનંદ સ્વામી મૂળી મંદિરમાં જ રહેતા. હંમેશાં ઠાકોરજી પાસે સુંદર કીર્તનો ગાતા. મહારાજની આજ્ઞાનું પાલન થઈ ગયું હતું. તેથી સર્વ પ્રકારે મહારાજમાં જ જોડાઈ જવાની લગની હવે લાગી હતી.

એવામાં શરીરે પણ થોડી કસર રહેવા લાગી. નિષ્કુળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, આચાર્ય મહારાજ વગેરે મોટાપુરુષોને એમણે તેડાવ્યા. દેવાનંદ સ્વામી અને બીજા સંતો અખંડ એમની સેવામાં હતા. તેમણે ગુણાતીતાનંદ સ્વામીને પાસે બોલાવ્યા અને કહ્યું: ‘ધામમાં આવવાની ઉતાવળ કરશો નહીં. મહારાજનું સર્વોપરીપણું જેવું પ્રવર્તાવો છો તેવું સંપૂર્ણ પ્રવર્તાવીને પછી ધામમાં આવશો.’

ત્યારબાદ સંવત ૧૮૮૮ના જેઠ સુદ ૧૦ના દિવસે શ્રીજીમહારાજનું અખંડ સ્મરણ કરતાં પોતે અક્ષરધામમાં મહારાજની સેવામાં બિરાજી ગયા.

મહારાજના મુખ્ય શિષ્યમંડળમાં શોભતા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ સંપ્રદાયની અનેકવિધ સેવા કરી છે. મોટાં મંદિરોની રચના એમના હાથે થઈ. તદુપરાંત, પોતાની કવિત્વ-શક્તિથી ગુજરાતી સાહિત્યને પણ એમણે સમૃદ્ધ કર્યું. ઉપદેશ, જ્ઞાન, ભક્તિ અને મહારાજની મૂર્તિનાં લગભગ આઠ હજાર કીર્તનો એમણે રચેલાં છે. ગુજરાતી ઉપરાંત બીજી ભાષામાં પણ એમની પદ્યરચના છે. છંદ, છપય તો એમનાં જ. આજે એ રચનાઓના જાણકાર પણ બહુ ઓછા છે.

(૧) બ્રહ્માનંદ કાવ્ય, (૨) શ્રી સુમતિપ્રકાશ, (૩) બ્રહ્મવિલાસ, (૪)

શિક્ષાપત્રી (પદ્યમાં), (૫) ઉપદેશ ચિંતામણિ ચંદ્રાવળા, અને (૬) ઉપદેશ રત્નદીપક – આટલા એમના પ્રસિદ્ધ ગ્રંથો છે.

(૧) નીતિપ્રકાશ, (૨) શિક્ષાપત્રી (હિન્દી), (૩) સંપ્રદાય પ્રદીપ, (૪) ધર્મસિદ્ધાંત, (૫) વર્તમાન વિવેક, (૬) શ્રી નારાયણ ગીતા, (૭) વિવેક ચિંતામણિ, (૮) સતીગીતા અને (૯) ધર્મવંશ પ્રકાશ – અપ્રસિદ્ધ છે.

સંપ્રદાય તેમજ ગુજરાતમાં તેમની આ સાહિત્યભેટ અમૂલ્ય અને અમર છે.

# બ્રહ્માનંદ સ્વામીની કાવ્યપ્રસાદી

## રાગ ગરબી, પદ-૧

તારા મુખની લાવણતા મીઠી રે, મોહન વનમાળી.
એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મૂર્તિ મરમાળી....

ચટક રંગીલા તારા મોળીડાને છેડે,
મનડું ડોલે છે કેડે કેડે રે.... મોહન૦

રંગડો જામ્યો છે ફૂલડાને તોરે,
ભ્રમર ભમે છે ચહુકોરે રે.... મોહન૦

ભાલ તિલક કેસર કેરું રાજે,
મુખ જોઈ શશિયર લાજે રે... મોહન૦

બ્રહ્માનંદ કહે સર્વસ્વ વારું,
રૂપ જોઈને વહાલા તારું રે... મોહન૦

## પદ-૨

તારાં લટકાં પ્યારાં મને લાગે રે, લહેરી લટકાળા.
હું તો રીઝી સલૂણા ઘેરે રાગે રે, છેલ છોગાળા.....

સુંદર નેણ કમળદળ જેવી,
ભૃકુટિ ભ્રમર રહ્યા સેવી રે... લહેરી૦

ગૌર કપોળ સુભગ તિલ ત્રાજુ,
કોમળ નાસા કાજુ રે... લહેરી૦

અધર ઉપર જાણે કુમકુમ ઢળિયું,
દંત દાડમ કેરી કળિયું રે... લહેરી૦

બ્રહ્માનંદ કહે સામું જોઈને,
મનડું લીધું છે મારું પ્રોઈને રે... લહેરી૦



સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી

# સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી

બરોળ અને ધીંગડા ગામને સીમાડે, મહાદેવનું નાનું પણ સુંદર મંદિર – સાંકળેશ્વર મહાદેવ તરીકે ઓળખાય છે. ભક્તો ત્યાં નિયમિત શિવપૂજા કરે. દેવીભક્ત જીજીભાઈ રોજ બરોળથી પૂજા કરવા આવે. પાંચ વર્ષના દેવીદાન એમની આંગળીએ હોય. પિતાને નિત્ય શંકરદાદાની ભાવથી ભક્તિ કરતા નિહાળે, બાળભક્ત અંતરમાં એ સંસ્કારનું પાન કરે.

કામપ્રસંગે જીજીભાઈને બહારગામ જવાનું થયું. પિતાનો વારસો શોભાવવા દેવીદાન આજે એકલા મંદિરમાં આવી પહોંચ્યા. રોજ નિહાળેલો અને અંતરમાં ભરેલો ભાવ ઊભરાવા લાગ્યો. શંકરદાદાને રીઝવવાના આ નિર્દોષ બાળકને કોડ જાગ્યા. દાદા જાણે પ્રત્યક્ષ બેઠા હોય તેવા ભાવથી અભિષેક કરી બાળકે બીલીપત્ર ચઢાવ્યું. આંખો ટગર ટગર દાદાને નિહાળવા લાગી. પ્રભુને મળવાની તાલાવેલી એમાં જણાતી હતી.

અને પ્રભુએ બાળકને સાક્ષાત્ દર્શન દીધાં. દેવીદાનજી ગદ્‌ગદ થઈ બે હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યા. હૃદયમાં કલ્યાણની શુદ્ધ ભાવના હતી. પ્રભુએ વરદાન આપ્યું: 'સાક્ષાત્ ભગવાન પુરુષોત્તમ નારાયણ તારે ગામ પધારશે. અલૌકિક આશ્ચર્ય બતાવશે. તું એમને શરણે જજે. સરસ્વતી તારા કંઠમાં બિરાજશે.'

આ બાળભક્તનો જન્મ ધોળકા પાસે બળોલ ગામે સંવત ૧૮૫૯ની કાર્તિક પૂર્ણિમાએ થયો હતો. માતાનું નામ બહેનજીબા હતું.

પ્રભુદર્શનથી બાળકની ચેષ્ટા બદલાવા લાગી. માતાને પુત્રમાં ફેરફાર થતો જણાયો. દેવીદાનજીનું મન ભક્તિ તરફ વિશેષ ઢળવા લાગ્યું.

એવામાં શ્રીજીમહારાજ જેતલપુરમાં યજ્ઞ કરી, પાછા ફરતાં બરોળ પધાર્યા. ગામલોકો દર્શને ઊમટ્યા. મહારાજને રોકાવાનો ઘણો આગ્રહ કર્યો.

ઉતાવળ ઘણી હતી. એટલે રયા ખટાણે થૂલી અને દૂધની તાંસળી મહારાજ આગળ ધરી. અંગરખાની બાંય કોણીએ ચડાવી, પગ ભોંયે લટકતા રાખી, જોડ્યા ગાડાની ધૂંસરીએ બેઠાં બેઠાં દૂધ અને થૂલી મહારાજ આરોગવા

લાગ્યા. દૂધના રેલા કોણીએ ઊતરે અને મહારાજ છેક કોણીએ જીભ અડાડી તે ચાટે. દેવીદાનને આ આશ્ચર્ય લાગ્યું, પણ મહારાજની મનોહર મૂર્તિમાં તો ક્યારનુંય એનું મન ચોંટી ગયું હતું.

એકાએક મહારાજની દેવીદાન ઉપર દૃષ્ટિ પડી. પૂર્વના મુક્ત જાણી પ્રેમથી બોલાવ્યા. બાળભક્ત દોડીને મહારાજનાં ચરણોમાં પડી ગયા. મહારાજ સાથે આવવાની ઇચ્છા બતાવી. રાજી થઈને મહારાજે હા પાડી. મા-બાપની સંમતિ મળી અને મહારાજે બ્રહ્માનંદ સ્વામીને આ નવા ભક્તની સોંપણી કરી.

દેવીદાનને થોડો સમય ધોળાં વસ્ત્રોમાં રાખ્યા. સેવા કરાવી. પછી મહારાજે એમને ભાગવતી દીક્ષા આપી 'દેવાનંદ સ્વામી' નામ પાડ્યું. બ્રહ્માનંદ સ્વામી પાસે રહીને પિંગળશાસ્ત્ર અને ગાયકી શીખવા લાગ્યા. પૂર્વના સંસ્કારને લીધે ટૂંક સમયમાં જ ઉચ્ચવિદ્યા સંપાદન કરી.

નૈષ્ઠિક બ્રહ્મચર્યયુક્ત સાધુતા, મહારાજને વિષે અનન્ય ભક્તિ અને વિદ્વત્તા છતાં નિર્માનીપણું આદિ ગુણોને લીધે, દેવાનંદ સ્વામી સત્સંગમાં સારી પ્રતિષ્ઠા પામ્યા. તેઓ મહાન સિતારી પણ હતા. આથી, પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, મંજૂકેશાનંદ સ્વામી અને દયાનંદ સ્વામીની સાથે દેવાનંદ સ્વામી પણ મહારાજની અષ્ટ કવિઓની મંડળીમાં શોભવા લાગ્યા.

એમણે હજારો કીર્તનોની રચના કરી. ઉપદેશપ્રધાન એમનાં કીર્તનોમાં વૈરાગ્યની ઝલક વધારે છે. સાદી ભાષામાં પણ સચોટ ઉપદેશ એમણે પોતાનાં કાવ્યોમાં વણેલો છે. સંસારની અસારતા સમજાવી પ્રભુ તરફ વાળવાની એમાં દૃષ્ટિ છે. ઠપકો પણ છે. આથી, એમનાં કીર્તનો 'દેવાનંદ સ્વામીના ચાબખા' તરીકે સંપ્રદાયમાં ઘણાં પ્રસિદ્ધ છે. આ પદોમાં વ્યાવહારિક ટૂંકાં દૃષ્ટાંતો છે. સાથે પદલાલિત્ય છે. આ કીર્તનો ઘણાં જ અસરકારક છે.

દેવાનંદ સ્વામીનાં કીર્તનો સાંભળીને દલપતરામ એમના શિષ્ય બન્યા. દેવાનંદ સ્વામીએ એમને કવિતાકળા શીખવાડી. છંદ, અલંકાર, શબ્દ-ભંડાર, કલ્પનાની વીજળીઓ ઉડાડવી, શીઘ્ર કવિતાના ઝપટ-ઝબકાર એ બધું દલપતરામને દેવાનંદ સ્વામીએ શીખવ્યું. એમના આશીર્વાદથી જ દલપતરામ કવીશ્વર બન્યા. એમની અદ્‌ભુત કાવ્યશક્તિથી દેવાનંદ સ્વામી ઘણા પ્રસન્ન

થતા. 'આ તો શ્રીજીમહારાજનો પ્રતાપ છે,' એમ તેઓ કહેતા.

સંગીત અને પદ્યરચનામાં નિપુણ હોવા છતાં દેવાનંદ સ્વામી અધ્યાત્મ-જ્ઞાનમાં પણ ઊંડો રસ ધરાવતા. મહારાજમાં એમને અડગ નિષ્ઠા હતી. એમના આશીર્વાદથી ભક્તોનાં દુઃખ દૂર થતાં અને નાનાં-મોટાં કાર્યોની સિદ્ધિમાં પોતે મહારાજની કૃપા જ સમજતા.

બ્રહ્માનંદ સ્વામીના અક્ષરવાસ પછી દેવાનંદ સ્વામી મૂળી મંદિરના મહંતપદે નિમાયા. મૂળી મંદિરનું અધૂરું કાર્ય એમના હસ્તે પૂરું થયું. વ્યાવહારિક દક્ષતાને લીધે તેમણે મંદિરની જાહોજલાલી ઘણી વધારી દીધી.

સંવત ૧૯૧૦ના શ્રાવણ વદ ૯ને દિવસે દેવાનંદ સ્વામીએ એક મેરાઈ ભક્તને કહ્યું: 'હું કાલે ધામમાં જવાનો છું ને મારે માટે વિમાન તૈયાર રાખજે.'

સ્વામીનું સ્વસ્થ શરીર જોઈને મેરાઈને ઘણું આશ્ચર્ય થયું. તેણે આ વાત માની નહીં.

ફરીથી સ્વામીએ કહ્યું: 'તારા ઘરમાં ઊમરા પાસે કંકુનાં પાંચ પગલાં પડશે તો સાચું માનજે.'

બીજે દિવસે મેરાઈ ભક્તે પોતાના ઘરના ઊમરામાં કંકુનાં પગલાં જોયાં. તેને ફાળ પડી. મંદિરમાં જઈને જોયું તો સ્વામીએ દેહ મૂકી દીધો હતો. સ્વામીને વિમાન(પાલખી)માં પધરાવી નદીકાંઠે એમના દેહનો અંતિમ વિધિ કર્યો.

# દેવાનંદ સ્વામીની કાવ્યપ્રસાદી

## રાગ ખમાચ, પદ-૧

માણસનો અવતાર મોંઘો, નહિ મળે ફરી... માણસ૦

માન, મરડાઈ, મોટપ મેલી, ભજી લો હરિ;
નહિ તો જાશો ચોરાશીમાં, જનમ બહુ ધરી... માણસ૦

દુઃખ તણો દરિયાવ મોટો, નહિ શકો તરી;
શામળિયાને શરણે જાતાં, જાશો ઊગરી... માણસ૦

નિર્લજ્જ તું નવરો ન રહ્યો, ઘરધંધો કરી;
માયા માયા કરતો મૂરખ, ન બેઠો ઠરી... માણસ૦

ચેતી લે ચિત્તમાં વિચારી, ચાલજે ડરી;
દેવાનંદનો નાથ ભજો, પ્રેમમાં ભરી... માણસ૦

## પદ-૨

ભજી લે ભગવાનને, સાચા સંતને મળી... ભજી૦

વચનમાં વિશ્વાસ રાખી ભજનમાં ભળી;
પૂરવ કેરાં પાપ તારાં, તો જાશે બળી... ભજી૦

ઓળખી લે અવિનાશી, રહેજે જ્ઞાનમાં ગળી;
રીઝશે રંગરેલ વાલો, અઢળક ઢળી... ભજી૦

કાળ તો વિકરાળ વેરી, વીંખશે વળી;
કામ ને કુટુંબ તુંને, નાખશે દળી... ભજી૦

સત્ય ત્યાં સુખ ધર્મ રહે, કૂડ તહાં કળી;
દેવાનંદ કહે દુનિયા કેરી અક્કલ આંધળી... ભજી૦

# સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી

ડભાણમાં આવીને વસેલા વિપ્ર જગન્નાથ મૂળ નડિયાદના વતની હતા. સંવત ૧૮૫૫માં એમનો જન્મ થયો હતો. કુટુંબના ઉચ્ચ સંસ્કારોને લીધે બાળપણથી જ ઘણા તેજસ્વી હતા. બુદ્ધિને કારણે વિદ્યાભ્યાસમાં કુશળ હતા અને કોઈ યોગભ્રષ્ટ આત્મા હોય તેમ, સહજ વૈરાગ્યવૃત્તિ એમનામાં જણાતી હતી. ગુણી ગુણોને ખેંચે છે – એમ વ્યવહારકુશળતા પણ એમને વરેલી હતી, તેથી જમીન-મોજણી વગેરે કાર્યોમાં તેઓ પ્રવીણ હતા.

તે સમયમાં મહારાજના કેટલાક પરમહંસો ડભાણના એક વિદ્વાન શાસ્ત્રી પાસે વિદ્યાભ્યાસ કરતા હતા. સત્સંગ પ્રત્યેની અભિરુચિને કારણે વિપ્ર જગન્નાથને આ સંતોનો યોગ થયો. સંતોનાં પવિત્ર આચરણથી સ્વાભાવિક-પણે તેમના પ્રત્યે આદર - હેત વધતાં, તેઓ સંતોની સેવા પરિચર્યામાં જોડાઈ ગયા. સંતોએ મહારાજના અદ્‌ભુત પ્રતાપ ને મહિમાની વાતો કહી સંભળાવી, તેથી તેમની મુમુક્ષુતા વિશેષ જાગ્રત થઈ અને મહારાજનાં પ્રત્યક્ષ દર્શન-સમાગમની આતુરતા થઈ. એકાએક ઘરબારનો ત્યાગ કરીને તેઓ ગઢપુર તરફ ચાલી નીકળ્યા.

શ્રીજીમહારાજ ગઢપુરમાં દાદાના દરબારમાં નિંબુતરુ નીચે સભા કરીને બિરાજમાન થયા હતા. તેમણે એકાએક કહ્યું : ‘ચાલો, ચાલો, ડભાણથી મુક્ત આવે છે.’

આ સાંભળી સભા આશ્ચર્યચકિત થઈ ગઈ, પરંતુ ત્યાં તો મહારાજ ઊઠ્યા. સભા પણ સાથે ઊઠી અને સૌ મહારાજની પાછળ પાછળ રાધાવાવને માર્ગે ચાલવા માડ્યા.

બ્રહ્મચર્યના ઓજસથી દીપતા, ભગવાનને ભેટવાની જાણે ઉતાવળ હોય તેમ શીઘ્ર ગતિએ જગન્નાથ સામેથી આવતા હતા. મહારાજને જોઈ તેમણે તરત જ દંડવત્ કર્યા. મહારાજ પણ તેમની સામે દોડ્યા અને તરત જ તે મુક્તને ભેટી પડ્યા.

વિપ્ર જગન્નાથને દીક્ષા લેવાની ઇચ્છા હતી, પણ મહારાજ પાસે



સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી

એમનાથી બોલાતું ન હતું, તેથી તેમણે સોમલાખાચરને વાત કરી કે ‘મહારાજને ભલામણ કરો તો મને સાધુ કરે.’

સોમલાખાચરે મહારાજને વિનંતી કરી કે ‘મહારાજ ડભાણના બ્રાહ્મણને સાધુ થવું છે.’

ત્યારે મહારાજ કહે: ‘તેને મુક્તાનંદ સ્વામી પાસે લઈ જાઓ, તે સાધુ કરશે.’

સંવત ૧૮૭૨ના માઘ માસમાં મુક્તાનંદ સ્વામીએ વેદવિધિથી એમને દીક્ષા આપીને શુકાનંદ સ્વામી નામ પાડ્યું. શુકમુનિ સૌ પ્રથમ અક્ષર ઓરડીએ ગયા ને મહારાજને દંડવત્ પ્રણામ કર્યા.

મહારાજ ઊભા થઈને શુકમુનિને મળ્યા ને પૂછ્યું: ‘શું નામ પાડ્યું?’

ત્યારે કહ્યું: ‘શુકાનંદ!’

મહારાજ રાજી થયા. પછી કહ્યું: ‘મુક્તાનંદ સ્વામી પણ આપનું પૂર્વનું નામ જાણતા લાગે છે.’

મહારાજે શુકમુનિને પોતાની પાસે સેવામાં રહેવાની આજ્ઞા કરી.

શ્રીજીના નિવાસસ્થાન અક્ષર ઓરડીની સામે જ શુકમુનિની ઓરડી હતી. ત્યાં રહી તેઓ નિરંતર લેખન ને સાહિત્ય-સંપાદનનું કાર્ય કરતા. વચનામૃત, સત્સંગિજીવન આદિ ગ્રંથોનાં મૂળ લખાણો, તેમજ બીજા સાંપ્રદાયિક બંધારણના ખરડા તેઓ તૈયાર કરતા. શ્રીજીમહારાજનો પત્ર-વ્યવહાર પણ તેઓ જ સંભાળતા. મહારાજના તેઓ મંત્રી જ બની ગયા હતા. સુંદર અને સ્વચ્છ અક્ષરો, ગુજરાતી તેમજ સંસ્કૃત ગદ્ય-પદ્યનું શુદ્ધ જ્ઞાન, તેમના લખાણમાં સહેજે દેખાઈ આવતું.

મહારાજના મંત્રી બનવામાં પણ તેમની નાની-મોટી ઘણી કસોટીઓ થતી.

એક રાત્રે શ્રીજીમહારાજ શુકમુનિ પાસે કાગળ લખાવતા હતા. કાગળ અર્ધો લખાય ને મહારાજ તે રદ કરે. એમ કરતાં મધ્યરાત્રિ થઈ. દીવો પણ ઓલવાઈ ગયો. મહારાજે પોતાના જમણા ચરણના અંગૂઠામાંથી જ્યોત કાઢી પત્ર પૂરો કરાવ્યો. ત્યાં સવાર થઈ ગઈ. નાહવાનું મોડું થઈ ગયું હતું. બધા સંતો ઘેલે નાહીને વહેલા પરવારી ગયા હતા. હવે પોતાની જોડમાં કોણ આવશે તેની તેમને મૂંઝવણ હતી.

એટલામાં મહારાજ ત્યાં પધાર્યા. તેમણે શુકમુનિની મૂંઝવણ પારખી લીધી. બારશનાં પારણાં કરવાનાં હતાં. મહારાજે તેમને કહ્યું: 'લો, આ સુખડી, આજ તો સુખડીનું દાતણ કરો.'

મહારાજની મરજી જોઈ શુકમુનિએ સુખડી જમી પારણું કર્યું. પછી મોડેથી નાહવા ગયા.

એક સમયે અક્ષર ઓરડીની ઓસરીમાં આખી રાત જાગીને શુકમુનિએ ચૌદ પાનાં લખ્યાં. સવારે મહારાજ પધાર્યા ને લખેલાં પાનાં હાથમાં લઈને એકદમ ફાડી નાખ્યાં. પછી ફળીમાં ફેંકી દીધાં. શુકમુનિ તો કંઈ બોલ્યા જ નહીં. નિત્યાનંદ સ્વામીએ શુકમુનિને પૂછ્યું: 'તમને કંઈ સંશય થયો, જે રાત બધી જાગીને લખ્યાં ને મહારાજે જોયા વિના ફાડી નાખ્યાં?'

ત્યારે શુકમુનિ કહે: 'મહારાજને રાજી કરવા લખ્યું હતું ને પાનાં ફાડીને પણ મહારાજ રાજી થયા.'

મહારાજની ક્રિયામાં આવી એમની નિસ્તર્ક બુદ્ધિ હતી.

મહારાજ પણ એમની અનેક પ્રકારે સંભાવના કરતા. તેમને અવાર-નવાર થાળની પ્રસાદી આપતા અને ખબર રાખતા.

એક સમયે શુકમુનિ વહેલી સવારે ઘેલેથી નાહીને આવ્યા. ઠંડે પાણીએ સ્નાન કરવાથી તેઓ ધ્રૂજતા હતા. તે જોઈને મહારાજે દાદાખાચરને પૂછ્યું: 'આ વળિયું નીસરે કે નહીં? આ ખપાટ નીસરે કે નહીં?'

દાદાખાચર મહારાજની મરજી જાણી ગયા. સુથાર પાસે લાકડું ફડાવ્યું. માટીનો ગોળો ફોડી તેમાં લાકડાનો તાપ કરી મહારાજ પાસે લઈ આવ્યાં.

મહારાજ બહુ રાજી થયા. શુકમુનિ અને બીજા સંતોને બોલાવીને ઠંડીમાં તપાડ્યા.

ગઢપુરમાં મહારાજ ઘણી વખત લક્ષ્મીવાડીમાં પધારતા. ત્યાં એક આંબો હતો. મહારાજ જ્યારે ઢોલિયા ઉપર વિરાજમાન થતા, ત્યારે આંબાની ડાળો મહારાજને મસ્તક ઉપર અડતી. તે જોઈ મહારાજ બોલતા કે 'આ આંબો બહુ જ ઉતાવળો થાય છે. આ ડભાણિયો આંબો, ડભાણિયો બળદ ને ડભાણિયા શુકમુનિ – તે ત્રણ અમારા ખરેખરા ઉપયોગમાં આવ્યા છે, ને આ શુકમુનિ તો મારા હાથ-પગ છે.' એમ મહારાજ શુકમુનિને સંભારતા ને ઘણી પ્રશંસા કરતા.

શ્રીજીમહારાજ અંતર્ધાન થયા પછી એક સમયે ભગુજી અક્ષર ઓરડીએ ગયા. મહારાજ પલંગ ઉપર બિરાજ્યા હતા. ભગુજીને જોઈને કહે: 'ભગુજી શુકમુનિને બોલાવો. એક કાગળ લખવો છે.'

પછી ભગુજી શુકમુનિને બોલાવી લાવ્યા. એટલે મહારાજ કહે: 'શુકમુનિ! એક પત્ર લખવો છે તે અમે કહીએ તેમ લખો.' એમ કહી પત્ર લખાવ્યો. પછી મહારાજે તે પત્ર વંચાવ્યો. શુકમુનિ કાગળ વાંચી રહ્યા ત્યાં મહારાજ અદૃશ્ય થઈ ગયા. કાગળ શુકમુનિના હાથમાં રહી ગયો. આ આશ્ચર્ય સૌએ પ્રત્યક્ષ અનુભવ્યું.

મહારાજના અંતર્ધાન પછી શુકમુનિ સત્સંગમાં ફરતા, પણ મહારાજનો વિરહ બહુ જણાતો. વળી, પોતાને ત્યાગ, વૈરાગ્યનો પણ ઈશક, તેથી શરીર પુષ્ટ ન થાય તેટલા માટે મહારાજ પાસે પ્રાર્થના કરીને તાવ માગ્યો હતો. એટલે મહારાજના વિયોગ પછી દિવસે તેઓ સત્સંગનું કાર્ય કરતા અને રાત્રે તેમને હંમેશાં તાવ આવતો. આ રીતે બાર વર્ષ સુધી પીડા ભોગવી હતી.

ગુણાતીતાનંદ સ્વામીને વિષે પણ એમને ઘણું હેત હતું. ગુણાતીતાનંદ સ્વામી એક વખત અક્ષર ઓરડીમાં મહારાજનાં દર્શન કરવા પધાર્યા. ત્યારે તેઓ સ્વામી માટે આસન શોધવા લાગ્યા. એટલે મહારાજ કહે: 'એમને આસને કરીને મોટપ નથી, એ તો અનાદિના મોટા છે.' એમ કહી મહારાજે શુકમુનિને, સ્વામીનો 'અનાદિ અક્ષર' તરીકેનો મહિમા સમજાવ્યો.

વળી, મહારાજના અંતર્ધાન થયા પછી પોતે જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા પધારતા. તેઓ ઘણી વાર કહેતા: 'વચનામૃત' લખ્યાં મેં, શોધ્યાં મેં પણ આજે સમજાણાં. ગુણાતીતાનંદ સ્વામી વાતું કરે છે તે મહારાજની વાતું જેવો સમાસ થાય છે.'

આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ માંદા પડ્યા ત્યારે ગુણાતીતાનંદ સ્વામી અમદાવાદ પધાર્યા. સાથે શુકમુનિ પણ હતા. તે વખતે મહારાજના પુરુષોત્તમપણાની ગુણાતીતાનંદ સ્વામી ઘણી વાતો કરતા. શુકમુનિને કહ્યું: 'એક સમયે અક્ષર ઓરડીમાં હરિભક્તો ઉપર પત્ર લખવા મહારાજે તમને કહ્યું. તે પત્રમાં તમે મહારાજને પ્રહ્‌લાદ તથા જનકની ઉપમા આપી. તે પત્ર મહારાજે ફાડી નાખ્યો. ફરી પત્ર લખ્યો તેમાં તમે મહારાજને દત્તાત્રય ને કપિલની ઉપમા આપી. તે પત્ર પણ મહારાજે ફાડી નાખ્યો. એટલામાં દીવો

ઓલવાઈ ગયો ને મહારાજના અંગૂઠામાંથી તેજ નીકળ્યું. તેજમાં મહારાજની દિવ્ય કિશોરમૂર્તિ આગળ અનેક દિવ્ય સ્વરૂપો હાથ જોડીને સ્તુતિ કરે છે, તેવાં તમને દર્શન થયાં.'

શુકમુનિને બધી વાતો યાદ આવી. ગુણાતીતાનંદ સ્વામીના વચને મહારાજની સર્વોપરી નિષ્ઠા દૃઢ થઈ ને ગુણાતીતાનંદ સ્વામીનો પણ અલૌકિક મહિમા સમજાયો.

સંવત ૧૯૨૧માં વરતાલનો સમૈયો કરી તેઓ મહેળાવ પધાર્યા હતા. અહીં ધોરીભાઈના છ માસના દીકરા ડુંગરભાઈ(શાસ્ત્રીજી મહારાજ)ને વર્તમાન ધરાવી એમણે આશીર્વાદ આપ્યા: 'આ બાળક સત્સંગની મહાન સેવા કરશે ને મહારાજની સાચી ઉપાસના પ્રવર્તાવશે.'

શુકમુનિ મહારાજથી સત્તર વર્ષ નાના હતા. એમના શરીરની પ્રકૃતિ નાજુક હતી. સંવત ૧૯૨૫ના માગશર વદ પાંચમના રોજ વરતાલમાં એમણે દેહ છોડ્યો.

આ મહાન સંતવર્યની મહારાજે વચનામૃત કારિયાણી પ્રકરણ ત્રીજામાં પ્રશંસા કરતાં કહ્યું: 'આ શુકમુનિ બહુ મોટા સાધુ છે અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી તેમનો ચઢતો ને ચઢતો રંગ છે, તે મંદ પડતો નથી. માટે એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે.'

એમના સંસ્કૃત ગ્રંથો: (૧) બુદ્ધિપ્રદીપ, (૨) જ્ઞાનપ્રદીપ, (૩) પ્રાર્થનામાળા, (૪) લોકમંગલાખ્યાન, (૫) વિશ્વમંગલ અષ્ટોત્તરશતનામ, (૬) 'શિક્ષાપત્રી' અન્વયાર્થ ટીકા અને (૭) સત્સંગિજીવનની હેતુ ટીકા.

પ્રાકૃત ગ્રંથો: (૧) વચનામૃતનું સંપાદન, (૨) દશમ ઉત્તરાર્ધ, (૩) બુદ્ધિપ્રકાશ, (૪) ધર્મામૃત, (૫) નારાયણ કવચ, (૬) સત્સંગદીપ, (૭) ભક્તિનો અધ્યાય, (૮) હરિગીતા, (૯) ધાર્મિક સ્તોત્રની ટીકા, અને (૧૦) પ્રાર્થનામાળા.

# ભક્તરાજ દરબાર શ્રી ઝીણાભાઈ

જૂનાગઢ નવાબની કચેરી ભરાઈને બેઠી હતી. નાના-મોટા ગરાસદારોથી દરબાર ઊભરાતો હતો. દારૂના શીશા ભરેલા પડ્યા હતા. પ્યાલીઓ ફરતી હતી. હૂકાની ફૂંક વારાફરતી લેવાતી હતી. ગવૈયાઓએ સાજ સજાવ્યાં અને ગણિકાએ નાચ શરૂ કર્યો. વિષયના જીવો નાચગાન અને સુરાપાનની મહેફિલમાં મશગૂલ બન્યા.

ત્યારે ખૂણામાં બેઠેલો એક જીવ ગૂંગળાતો હતો. માથું સંતાડી દૃષ્ટિ ઢાળીને તે બેઠો હતો. સાગરિતોની પ્રશંસા ઝીલતા નવાબની દૃષ્ટિ એ મૂંઝાતા માનવી ઉપર પડી. એના આશ્ચર્યનો પાર ન રહ્યો. જોયું તો પંચાળાના દરબાર ઝીણાભાઈ માથું ઢાળીને બેઠા હતા. 'ખુદાનો આ ખરો આશક જીવ લાગે છે, જિતેન્દ્રિય પુરુષ છે,' એવી નવાબને પ્રતીતિ થઈ અને ઝીણાભાઈ પ્રત્યે નવાબને ખૂબ આદર થયો.

સોરઠની ભૂમિમાં નાઘેર પ્રદેશમાં આવેલું નાનકડું પંચાળા ગામ. સિદ્ધરાજ જયસિંહના વંશજ સોલંકી વાઘેલા રાજપૂત ઠાકોર મનુભાના કુમાર એ જ ઝીણાભાઈ. સંવત ૧૮૪૮માં એમનો જન્મ. ઠાકોર રામાનંદ સ્વામીના શિષ્ય. સંવત ૧૮૫૮ના શ્રાવણ માસમાં રામાનંદ સ્વામી નીલકંઠ વર્ણી સાથે પંચાળા પધાર્યા. ઠાકોરના દરબારમાં પધરામણી કરી. ઝીણાભાઈને પ્રથમ આશીર્વાદ આપ્યા.

રામાનંદ સ્વામીના અક્ષરવાસ પછી શ્રીજીમહારાજના અદ્‌ભુત ચમત્કારો જોઈને ઝીણાભાઈને મહારાજને વિષે અત્યંત ભાવ થયો. માતુશ્રી ગંગાબા અને બહેન અદીબા પણ મહારાજનાં પરમ ભક્ત બન્યાં.

ઝીણાભાઈને સત્સંગ પ્રત્યે ઘણી રુચિ હતી. રાજસાહ્યબી હોવા છતાં પંચવિષયનો અંતરથી અભાવ હતો. ઉત્તમ પંચવિષય એમને ભૂંડાસરખા થઈ ગયા હતા. મહારાજની પ્રસન્નતા માટે તેઓ સત્સંગના નિયમો કડકપણે પાળતા. ખાવું, પીવું આદિ સર્વે ક્રિયા નિયમસર હતી. કરકસર પણ એટલી જ. અંતરમાં અહોનિશ બીક રાખતા કે રખે મહારાજ વિના બીજા પદાર્થમાં



ભક્તરાજ દરબાર શ્રી ઝીણાભાઈ

હેત થઈ જાય. મહારાજ પણ એમના આ અંગની ઘણી પ્રશંસા કરતા.

પોતાની આવકનો ઘણોખરો હિસ્સો ઝીણાભાઈ સત્સંગ-સેવામાં વાપરતા. હરિભક્તોને મદદ કરતા, પક્ષ શિર સાટે રાખતા અને ખૂબ મહિમા સમજતા. કોઈ પણ હરિભક્તનો અવગુણ તેઓ સાંભળી કે વિચારી શકતા નહીં.

મહારાજને વિષે તેમને અત્યંત ભક્તિભાવ હતો, તેથી અવારનવાર તેઓ મહારાજની પાસે જઈને રહેતા, સમાગમ કરતા. વળી, મહારાજને પણ સંતો તથા હરિભક્તો સાથે વર્ષમાં એક વાર તો પંચાળા તેડાવતા જ. ઉત્સવ, સમૈયા ઊજવતા. ખૂબ ખર્ચ કરતા. આમ, અખંડ સત્સંગ-પરાયણ જ રહેતા.

અગણોતરો કાળ પડવાનો હતો, ત્યારે મહારાજે સૌ હરિભક્તોને અગાઉથી ચેતવ્યા હતા. ઝીણાભાઈને પણ મહારાજે કહ્યું હતું. મહારાજની આજ્ઞા થતાં ઝીણાભાઈએ ઢોર-ઢાંખર વગેરે વેચી દીધાં. અનાજ ભેળું કર્યું; દુષ્કાળમાં હરિભક્તો તથા ગરીબ મનુષ્યોને પુષ્કળ અનાજ આપ્યું, પરોપકાર કર્યો. છતાં નફો ઘણો થયો. તેમાંથી મહારાજની આજ્ઞા પ્રમાણે ઘણી સેવા કરી. વળી, મહારાજને વિનંતી કરી પચાસ સંતોને પોતાને ત્યાં રાખ્યા. સેવા કરી. સંત-સમાગમનો લાભ લીધો.

એક વખતે ઝીણાભાઈએ મહારાજને સંતો તથા હરિભક્તો સાથે પંચાળે પધારવા પ્રાર્થના કરી. સાથે મોટીબા આદિ બાઈઓને પણ લાવવા કહ્યું. મહારાજે બાઈઓને સાથે લેવા ના પાડી. મહારાજ પંચાળે જવા નીકળ્યા. પાછળથી ઝીણાભાઈ સર્વે બાઈઓને લઈને રસ્તામાં મહારાજને મળ્યા. મહારાજને ખબર પડી, તેથી ઉદાસ થઈને પાછા વળ્યા. ઝીણાભાઈ ઘણું કરગર્યા, રડ્યા, પણ મહારાજ માન્યા નહીં. પછી સુરાખાચર વગેરે ભક્તોએ મહારાજની ઉદાસીનતા ટાળી પણ મહારાજ પંચાળે ન પધાર્યા.

ઝીણાભાઈને મહારાજને વિષે પ્રેમ ઘણો, પણ જરા દુરાગ્રહ ખરો. તે દોષ દૂર કરવા મહારાજે આવી રીતે બોધપાઠ આપ્યો. પોતાના ઈષ્ટદેવની મરજી મુજબ જ વર્તવાનું શીખવાડ્યું. કેટલીય વાર જ્યારે ઝીણાભાઈ મનધાર્યું કરીને મહારાજને રાજી કરવા પ્રયત્ન કરતા, ત્યારે મહારાજ કહેતા: 'રિસાઈને ભક્તિ કરે તે સારું નહીં અને તે ભક્તિ-પ્રેમ અંતે નભે પણ નહીં.'

આવા જ એક પ્રસંગે મહારાજ પંચાળા ન ગયા, તેથી ઝીણાભાઈને ઘણું

દુઃખ થયું. પછી પોતાની ભૂલ સમજાઈ. પસ્તાવો થયો. સમજણે કરીને દુઃખ હળવું થયું. ભગવાન ભક્તવત્સલ છે. જીવના દોષ સામું જોતા નથી. ત્રણ-ચાર માસ રહીને મહારાજ પંચાળા પધાર્યા. સેવા તથા સમાગમનું ઝીણાભાઈને સારું સુખ આપ્યું. ઘણી વાતો કરી, રાજી કર્યા. ઝીણાભાઈ બુદ્ધિશાળી અને જ્ઞાની હતા. મહારાજે પંચાળા પ્રકરણના વચનામૃતમાં અધ્યાત્મજ્ઞાનની અદ્ભુત વાતો કરી છે.

વ્યવહારમાં પણ ઝીણાભાઈ ઘણા કુશળ હતા. તેથી મોટા યજ્ઞયાગમાં, ઉત્સવ-સમૈયામાં મહારાજની આજ્ઞા મળતાં અગાઉથી પહોંચી જતા. આગેવાની લેતા અને સુંદર વ્યવસ્થા કરી પ્રસંગો શોભાવતા. પોતે નિયમ-ધર્મમાં કડક, તેથી ધર્મ સંબંધી મોળપ સહન કરી શકતા નહીં. હરિભક્તોને વર્તમાનમાં ફેર પડ્યો હોય તો મહારાજ એમના દ્વારા સૌને ઠપકો અપાવતા.

ઝીણાભાઈનો અતિ ભાવ જોઈને સંવત ૧૮૭૯માં મહારાજે પંચાળામાં ફૂલદોલનો મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઊજવ્યો. હજારો સંતો તથા હરિભક્તોને આ સમૈયામાં તેડાવ્યા. તંબૂઓ અને રાવટીઓ ગોઠવીને હરિભક્તોને ઉતારા આપ્યા. ઝીણાભાઈ સૌને રોજ ઉત્તમ પ્રકારનાં નવીન ભોજન જમાડતા. મહારાજ પણ કથાવાર્તા કરી સૌને સુખ આપતા.

પૂર્ણિમાની રાત્રે મહારાજ ભક્તમંડળી સાથે ગામ બહાર વિશાળ ચોકમાં પધાર્યા. મહારાજે જરિયાન વસ્ત્રો, અલંકારો ધારણ કર્યાં હતાં. ભક્તોને સુખ આપવા, મહારાજે કરુણા કરીને રાસ રમવાનું ગોઠવ્યું. નવ કુંડાળાંની રચના કરી. અંદરના ભાગમાં સંતો, પછી પાર્ષદો અને છેવટે હરિભક્તો. સંતોએ ઝાંઝ, મૃદંગ લઈને કીર્તનની રમઝટ શરૂ કરી. મહારાજે અનેક સ્વરૂપો ધારણ કર્યાં. દરેક ભક્ત સાથે મહારાજ રાસ રમ્યા. અલૌકિક સુખ આપ્યું. સૌ દેહનું ભાન ભૂલી ગયા ને થાક્યા. છેવટે રાત્રિના બે વાગે મહારાજે રાસની પૂર્ણાહુતિ કરી.

સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ સુખ આપે, પછી કોના મનની તૃષા છીપે ?

બીજે દિવસે પણ રંગે રમવા ભક્તો તૈયાર થઈ ગયા. મહારાજે ખોબે ખોબે ભક્તો ઉપર ગુલાલ ઉડાડ્યા. રંગના મોટા હોજ બનાવેલા. પિચકારીઓ ભરી ભરીને મહારાજ ભક્તો ઉપર છાંટે. સૌ રંગથી તરબોળ થઈ ગયા. પછી મહારાજે સંતોને રમવાની આજ્ઞા કરી, એટલે સામસામા બે પક્ષમાં સંતો તથા

હરિભક્તો પણ ખૂબ રંગે રમ્યા. મહારાજ પણ મંચ ઉપર ઊભા રહીને સૌ ઉપર, ગુલાલ અને રંગ વારાફરતી છાંટવા લાગ્યા. એમ દિવ્ય લીલા કરી. પછી વાજતે-ગાજતે નદીએ સ્નાન કરવા પધાર્યા. આ પ્રસંગો સંપ્રદાયના ઇતિહાસમાં અમર બની ગયા.

ઝીણાભાઈએ હજારો ભક્તોને ઉત્તમ પ્રકારનાં ભોજન જમાડ્યાં. ગામલોકો તથા આજુબાજુનાં ગરીબ-ગુરબાંને પણ જમાડ્યાં. મહારાજ સંત-પંક્તિમાં પીરસવા નીકળ્યા. બધાને પ્રસાદી આપી. આ અદ્વિતીય ઉત્સવની સેવાનો લાભ મહારાજે ઝીણાભાઈને આપ્યો, તેથી તેમના આનંદનો કોઈ પાર ન રહ્યો.

અહીં આગળ જ મહારાજે સંતોને નવીન આજ્ઞા કરી. દેશકાળ સુધર્યા હતા, તેથી મહારાજે સંતોને શિખા તથા સૂત્ર ધારણ કરાવ્યાં. પૂજા આપી. પોતાના અનન્ય ભક્ત ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં ગોપીચંદનનું તિલક અને કંકુનો ચાંદલો કર્યો અને સર્વે સંતોને દેખાડીને કહ્યું: 'આ અમારાં તિલક અને આ અમારા સાધુ. આના જેવા કોઈ સાધુ નથી અને હું જેવો કોઈ ભગવાન નથી.'

સંતોને એ પ્રમાણે દરરોજ પૂજા સમયે તિલક કરવાની આજ્ઞા કરી.

ઝીણાભાઈને સત્સંગનો ખપ બહુ. મહારાજના સમાગમ સારુ ઝીણાભાઈએ ગઢડામાં અધવારું કર્યું. એટલે અડધો સમય પંચાળે રહેતા અને અડધો સમય ગઢડે રહેતા.

એક વાર ગઢડે આવ્યા. નવ માસ રહ્યા. ઘેરથી તેડાવાના કાગળો આવવા લાગ્યા, પરંતુ ઝીણાભાઈ પોતાની પથારી નીચે તે કાગળો મૂકી દેતા. વાંચતા નહીં.

પછી મહારાજ ઉપર કાગળ આવ્યો કે 'ઝીણાભાઈ ત્યાં છે કે નહીં?'

મહારાજે ઝીણાભાઈને પૂછ્યું. ઝીણાભાઈ કહે: 'કાગળો આવ્યા છે, પણ વાંચ્યા નથી. વાંચું તો ઉદ્વેગ થાય. ઘેર જવાનો સંકલ્પ થાય અને સમાગમનું સુખ ન આવે.'

મહારાજની આજ્ઞા થઈ એટલે ઝીણાભાઈ પંચાળે ગયા. પછી નાજા જોગિયા અવારનવાર મહારાજ પાસે ઝીણાભાઈને સંભારે. મહારાજે નાજા જોગિયાને આનું કારણ પૂછ્યું. ત્યારે તે કહે: 'મને ઝીણાભાઈએ ઘેર જતી

વખતે આ ધોતીજોટો આપ્યો હતો અને કહ્યું હતું કે મહારાજ પાસે મને સંભારજો, તો મારું સારું થાય.'

ઝીણાભાઈનો આવો ભાવ જોઈ મહારાજ બહુ પ્રસન્ન થયા.

ઝીણાભાઈના નિશ્ચયની કસોટી કરવા મહારાજે પંચાળામાં મંદવાડ ગ્રહણ કર્યો. કોઈ ઉપાયે સાજા થાય નહીં. બહુ લીલા કરી. પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને પ્રાર્થના કરી: 'કોઈ બાવા-વેરાગી પણ આ લોકમાં આવીને મઠ બાંધે છે ને તમે પુરુષોત્તમ નારાયણ પધાર્યા ને પાછળ કંઈ મૂકતા ન જાઓ તો તમારો આ લોકમાં ફેરો અફળ જાય.'

પછી મહારાજ હસ્યા અને ઝીણાભાઈને કહ્યું: 'તમે થાળ કરાવો તો અમે સાજા થઈએ.' પછી થાળ જમી સાજા થયા.

એક વખત ઝીણાભાઈ કામપ્રસંગે માંગરોળ ગયા. અહીં ખબર પડી કે કમળશી વાંઝા બહુ બીમાર છે. કોઈ એમની સારવાર કરતું નથી. કમળશી વાંઝા મહારાજના એકાંતિક ભક્ત હતા. ઝીણાભાઈ એમની ખબર કાઢવા ગયા તો ભક્તરાજ રોવા માંડ્યા. સગાંવહાલાં કોઈ એમની દરકાર નહોતાં કરતાં. ઝીણાભાઈને લાગી આવ્યું. ગામમાં જઈને મજૂરોને બોલાવી આવ્યા. એમની પાસે ભક્તનો ખાટલો ઉપડાવ્યો. મજૂર ત્રણ જ હતા. તેથી ચોથો પાયો ઝીણાભાઈએ જાતે ઉપાડ્યો. એક હાથે ઘોડીની સરક ઝાલી.

ડેલી બહાર નીકળ્યા. ત્યાં સામે પટેલ મળ્યા. બાપુને ખાટલો ઉપાડતા જોયા એટલે ગામમાંથી એક મજૂર જલદી તેડી લાવ્યા. બાપુ ઘોડી ઉપર બેઠા. પંચાળા આવ્યા. ભગતનો ખાટલો ક્યાં મૂકવો? એમ અદીબાને પુછાવ્યું. પણ બહેનને એમ કે 'આવા ભગતડાને ક્યાં સાચવવા?' તે બોલ્યા નહીં. ઝીણાભાઈએ પોતાના જ ઓરડામાં ભગતનો ખાટલો મુકાવ્યો. પોતે દિવસ-રાત પંડથીયે ઝાઝી ભગતની સેવા કરે. માથું દાબે, પગ દાબે, લૂગડાં ધોઈ નાખે, પાસે બેસીને ખવરાવે.

એક દિવસ કમળશી ભક્તનું માથું દુખવા આવ્યું, તેથી ઝીણાભાઈએ બહેન પાસે તીખાં માગ્યાં. 'ઘરમાં નથી,' એમ કહી બહેને કંઈ દરકાર ન કરી. થોડા દિવસ પછી ઝીણાભાઈને માથાનો દુખાવો ઊપડ્યો. એટલે અદીબા તીખાં વાટીને લાવ્યાં.

'તીખાં ક્યાંથી આવ્યાં?' ઝીણાભાઈએ પૂછ્યું.

'થોડાં ઘરમાં પડ્યાં હતાં,' બહેને કહ્યું.

કમળશી ભક્ત માટે ન મળ્યાં અને આજે ઘરમાંથી નીકળ્યાં – તેથી ઝીણાભાઈને રીસ ચડી ને તીખાંનો વાટકો ફળિયામાં ફેંક્યો. અદીબા જોડે એમણે અબોલા લીધા.

વાંઝા જેવી ઊતરતી જાતિના કમળશી ભગત. એનો ખાટલો ઝીણાભાઈએ મહિમા સમજીને ઉપાડ્યો. આ વાતની મહારાજને ગઢડામાં ખબર પડી. તે પોતે પંચાળે પધાર્યા. ઝીણાભાઈને સાત વખત ભેટ્યા. પોતાના એક ગરીબ પણ સાચા ભગતની આવી સેવા કરી, તેથી મહારાજ બહુ રાજી થયા. પછી હુતાશનીનો સમૈયો પંચાળામાં કર્યો. અદીબાએ મહારાજની માફી માગી ને ભાઈને સમજાવવા કહ્યું. મહારાજની આજ્ઞાથી ઝીણાભાઈએ અબોલા તોડ્યા.

જૂનાગઢમાં ઝીણાભાઈ માંદા પડ્યા. તે સમાચાર મહારાજને ગઢડે મળ્યા. ઘોડીએ અસવાર થઈને તાબડતોબ અર્ધરાત્રિએ મહારાજ જૂનાગઢ પધાર્યા. ઘોડીના ડાબલા સાંભળી સહુ જાગી ગયા.

'મહારાજ પધાર્યા !' દરબારમાં સૌને ખબર પડી.

મહારાજ દીવાનખાનામાં પધાર્યા અને ઝીણાભાઈના ખાટલાના ઓશીકે જઈને બેઠા. મહારાજનાં દર્શન કરી ઝીણાભાઈ બહુ રાજી થયા.

ઝીણાભાઈના દીકરા હઠીસિંહ. એની કંઈ ભલામણ કરવા મહારાજે પૂછ્યું. ઝીણાભાઈ કહે : 'તમારો ભગત થશે તો તમે વગર ભલામણે સાચવશો અને ભગત નહીં થાય તો ભલામણ કરીશ તો પણ ખબર નહીં રાખો. પ્રહ્લાદની એના બાપે ક્યાં ભલામણ કરી હતી ?'

ફરીથી મહારાજે ઝીણાભાઈને પૂછ્યું : 'તમારે કંઈ માગવું છે ?'

ત્યારે ઝીણાભાઈ કહે : 'સોરઠ દેશના સત્સંગીને માટે અહીં મંદિર કરો.'

મહારાજે કોલ આપ્યો.

'તમારે કયા ધામમાં જવું છે ? બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક કે અક્ષરધામમાં ?' મહારાજે ફરી પૂછ્યું.

ત્યારે ઝીણાભાઈ કહે : 'મહારાજ ! ભગુજી, મિયાંજી ને મૂળજી બ્રહ્મચારીની જેમ આપની સેવામાં રાખો.'

આ સાંભળી ગંગાબા બહુ દિલગીર થયાં. એટલે મહારાજે એમને

પૂછ્યું : 'ડોશીમા ! આ ઝીણાને અમે જૂનાગઢનું રાજ્ય આપીએ તો કેવું ?'

ડોશીમા કહે : 'મહારાજ ! એ તો બહુ સારું.'

વળી મહારાજે કહ્યું : 'વડોદરાનું રાજ્ય આપીએ તો ? ઈન્દ્રનું રાજ્ય આપીએ તો ? પ્રકૃતિ-પુરુષનું રાજ્ય આપીએ તો ?' આ સાંભળી ડોશીમા તો રાજી થઈ ગયાં.

'અમારે તો ઝીણાભાઈને અક્ષરધામ આપવું છે,' એમ મહારાજ બોલ્યા અને ઝીણાભાઈએ આંખ મીંચી દીધી.

ઝીણાભાઈની દેહક્રિયા કરવા સૌ ચાલ્યા, ત્યારે મહારાજે એમની નનામી ઉપાડી. શેરી બહાર નીકળ્યા, એટલે બીજા હરિજનોએ મહારાજને ખભેથી ઝીણાભાઈની નનામી લઈ લીધી. આ જોઈ સર્વને ઘણું આશ્ચર્ય થયું, કારણ ઈચ્છારામભાઈ ધામમાં પધાર્યા ત્યારે મહારાજે એમના દેહને ખભો નહોતો આપ્યો. એટલે મુક્તાનંદ સ્વામીએ મહારાજને આ વાતનો ખુલાસો પૂછ્યો.

'કમળશી વાંઝાનો ખાટલો ઝીણાભાઈએ ખભે લીધો હતો, તેથી અમે ઝીણાભાઈને પણ ખભે લીધા અને કમળશી ભક્તનો ખાટલો લઈને ઝીણાભાઈ જેટલાં ડગલાં ચાલ્યા હતા, તેથી બમણાં ડગલાં ઝીણાભાઈની નનામી ઉપાડીને અમે ચાલ્યા.' મહારાજે કહ્યું.

ભગવાનના ભક્તની સેવા કરવામાં આવો રાજીપો મળે છે – તે મહારાજે સમજાવ્યું.

સંવત ૧૮૮૫ના માગશર સુદ ૧૦ને દિવસે જૂનાગઢમાં ઝીણાભાઈ ધામમાં પધાર્યા. શ્રીજીમહારાજની ભક્તમંડળીમાં ઝીણાભાઈ એક અગ્રગણ્ય ભક્તરાજ હતા. 'સર્વમંગલ સ્તોત્ર'માં મહારાજનાં હજાર નામ છે, તેમાં ઝીણાભાઈનું નામ પણ મહારાજ સાથે જોડવામાં આવ્યું છે. 'हेमन्तार्चास्तुतिप्रीताय नमः' હજારો ભક્તો આ નામથી એમને સંભારે છે. એ જ એમની અનન્ય ભક્તિનો પુરાવો છે !

# ભક્તરાજ જોબન પગી

તેજ તેજના અંબાર. માથે મોટી જટા. કોપીનભર સુકલકડી કાયા. કિશોર અવસ્થા. આવી એક વિભૂતિ તળાવની પાળે બેઠેલી. મહાજોગી જાણી જોબન પગી નજીક આવ્યા. નીચા નમી પગે લાગ્યા. 'આવા જોગી આપણે ત્યાં રહે તો કેવું સારું!' પગીને અંતરમાં ભાવ થયો. યોગીરાજને પ્રાર્થના કરી : 'એક ઓરડી આપું. અહીં રહો.'

'તીરથ કરવા જવું છે; વળતાં તમારે ત્યાં આવીશું; પછી તમારે ગામ જ રહીશું;' જોગીએ શાંત સ્વરે ઉત્તર આપ્યો. પૂછપરછ કરતાં જણાયું કે આ બાલજોગી દેશાવરમાં ફરીને ઉમરેઠ થઈને અહીં આવ્યા છે. જોબન પગીએ ભોજન લેવા વિનંતી કરી. પગીના ઉતારામાં જઈને જોગીએ રાંધ્યું અને ભગવાનને અર્પણ કરી જમ્યા. દેવકરણ પગીના ઘરમાં એકાંત હતું, તેથી ત્યાં જઈને પોઢ્યા. ફરી આવવાનું વચન આપી બાલજોગી બોચાસણ તરફ પધાર્યા.

ત્યારપછી ઘણાં વર્ષે વરતાલના બાપુજીભાઈના આગ્રહથી મહારાજ વરતાલ પધાર્યા. બાપુજીભાઈની ખડકીએ ઉતારો કર્યો. મહારાજ કથાવાર્તા કરે. સમાધિ કરાવે. આથી, ઘણા લોકો ખેંચાયા. બાપુજીભાઈને આઠ દીકરા હતા. તેમાં રણછોડદાસનાં પત્ની રંગબાઈ મહારાજ માટે બ્રાહ્મણ બોલાવી સુંદર ભોજન તૈયાર કરાવતાં અને ખૂબ ભાવથી મહારાજને જમાડતાં.

પૂર્વે જોબન પગીને મહારાજે અહીં વર્ણીવેશે દર્શન આપેલાં; પણ અસુરભાવને લીધે એનું વિસ્મરણ થયેલું. ગુજરાતમાં ત્યારે જોબન પગીની હાક વાગતી. એનું તીર ચાલતું. કોઈથી એનું નામ ન દેવાતું. મોટાં મોટાં રજવાડાંઓ પણ ત્રાસ પામતાં. જોબન સો સો ગાઉ સુધી ચોરી કરવા જતો, છતાં પકડાતો નહીં. ધોળે દિવસે સૌને લૂંટતો. સુંદર પગી, શકરો પગી અને દલો પગી એ જોબનના ત્રણ ભાઈઓ. ચારે ભાઈઓમાં સંપ બહુ. કુટુંબ પણ બહુ મોટું.

જોબને નાના ભાઈ સુંદરને બોલાવી વાત કરી : 'પાટીદારના ફળિયામાં એક બાવો આવ્યો છે. સૌ એને ભગવાન માને છે. આપણે એનું ભગવાન-



ભક્તરાજ જોબનપગી

પણું તો જોઈએ. એની પાસે સરસ મજાનો રોઝો ઘોડો છે. તું એનો ઘોડો છોડી લાવ. આપણે એને ક્યાંય દૂર દેશમાં પહોંચાડી દઈશું. જોઈએ તો ખરા, કેવા ભગવાન છે !'

પણ સુંદરે તો સાફ ના પાડી. સુંદર કહે: 'મેં એમનાં દર્શન કર્યાં છે. બહુ ચમત્કારી છે. તેજસ્વી તો એટલા બધા કે આપણને નિશ્ચય ભગવાન લાગે. મોટાપુરુષની છેડતી હું ન કરું. એનો તો મને અંતરમાં ડર લાગે છે.'

જોબનને તાલાવેલી લાગી હતી. એ તો રાતમાં ઊઠીને ઊપડ્યો – પાટીદારની ફળીમાં. બાપુજીભાઈની ખડકી ધીરેથી ઠેલી, પણ ખખડાટ થઈ ગયો, એટલે રાયજી જાગી ગયો. તલવાર લઈને કૂદ્યો. એકદમ ખડકી ઉઘાડી. ત્યાં મહાકાય જોબનને જોયો. ક્રોધના આવેશમાં રાયજીએ એને પડકાર્યો: 'અમે પણ ઘણા ભાઈઓ છીએ. તારાથી ડરતા નથી.'

જોબન કહે: 'મારે તો તમારા ગુરુની મોટાઈ જોવી છે. આજે તમે આડા ફરશો, પણ સ્વામિનારાયણ બીજે ગામ જશે ત્યારે શું કરશો ?'

હતાશ થઈને જોબન જતો રહ્યો. ત્રણ-ચાર દિવસ રહીને મહારાજ બીજે ગામ ગયા. પછી મહારાજ અનેક વાર વરતાલ પધારતા. ગામમાં ઘણાને સત્સંગ થયો. સંતોના પ્રસંગથી જોબન પગીને અને એના ભાઈઓને પણ સત્સંગના થોડા સંસ્કાર લાગ્યા.

થોડાં વર્ષો બાદ મહારાજે ડભાણમાં બહુ મોટો યજ્ઞ કર્યો. દેશ-દેશાવરથી હજારો હરિભક્તો આ યજ્ઞમાં આવ્યા. મોટા મોટા કાઠી દરબારોનાં પાંખાળાં ઘોડાંઓ ડભાણને પાદર છૂટેલાં. એમાં પણ સ્વામિનારાયણ ભગવાનના રોઝા ઘોડાની કીર્તિ તો ચોમેર ફેલાયેલી હતી. જોબનનું મન લલચાયું: 'એવો ઘોડો આપણે હોય તો એક રાતમાં સેંકડો ગાઉની મજલ કાપી નંખાય. લૂંટ કરવાનું સારું ફાવે.'

અંધારી રાત, ચોમેર શાંતિ. જોબને ધીરે રહીને ઘટાદાર વટવૃક્ષ નીચે ઘોડારમાં પ્રવેશ કર્યો. જ્યાં ખીલેથી રોઝા ઘોડાની સરક છોડવા જાય છે, ત્યાં તો પ્રકાશનાં કુંડાળાં જોબને જોયાં. ઊંચી દૃષ્ટિ જ કરી તો જરિયાન વસ્ત્રોમાં શોભતા ભગવાન સ્વામિનારાયણ દેખાયા. હાથ પાછો પડ્યો. પાછે પગે ભગવાનથી દૃષ્ટિ છુપાવતો જોબન અંધારામાં સરકી ગયો.

હજારો ભક્તોની વિશાળ સભા બેઠેલી. ટાંકણી પડે અને અવાજ

સંભળાય એવી શાંતિ હતી. સૌ મહારાજની મૂર્તિ એકીટશે નિહાળી રહ્યા હતા. એક અજાણ્યો પણ તીખો માણસ સભામાં પ્રવેશ્યો. એકદમ મંચ ઉપર કૂદકો મારી મહારાજનાં ચરણોમાં પડી ગયો. 'હં....' કહેતાં મહારાજ એને બાવડું ઝાલી ઊંચો કરવા ગયા, પણ એ ખસ્યો નહીં. ખૂબ રોયો. આંસુઓથી મહારાજનાં ચરણ પખાળ્યાં.

ધીરેથી ઊભા થઈ પગીએ ગદ્ગદ કંઠે મહારાજની માફી માગી: 'પ્રભુ ! મુક્તાનંદ સ્વામીએ આપનો મહિમા બહુ કહ્યો, પણ સંશય રહી ગયો. રાત્રે અહીં ઘોડાં ચોરવા આવ્યો, પણ ઘોડાએ ઘોડાએ આપનાં દર્શન થયાં. પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર છું. બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધુ ! દયા કરો. મારું મહાપાપ મટાડો.'

જોબનના આ હૃદયોદ્ગાર સાંભળી, મહારાજે એનો વાંસો થાબડ્યો. ધીરજ આપી, ક્ષમા આપી. નિયમ ધરાવ્યા અને ચોરી આદિ કુકર્મોનો ત્યાગ કરાવ્યો. સંવત ૧૮૬૬ના પોષ માસના શુક્લ પક્ષની આ વાત. ગુજરાતની ધરણીને ધ્રુજાવનારો જોબન આજે ભગત બન્યો.

મહારાજ ગુજરાતમાં પધારતા ત્યારે જોબન અને એના ભાઈઓ મહારાજના અંગરક્ષક બનીને સેવા કરતા, સાથે ફરતા.

એક સમયે ધરમપુરથી પાછા ફરતાં મહારાજ વરતાલ પધાર્યા. મહારાજે પગીને કહ્યું: 'તમે મારી રસ્તામાં બહુ સેવા કરી. હું રાજી થયો છું. મારે તમને વરદાન આપવું છે.'

જોબને હાથ જોડીને મહારાજને કહ્યું: 'પ્રભુ ! આપ કલ્પવૃક્ષ સમાન મળ્યા. પછી અમારે શી ખામી હોય ? માત્ર એક ઇચ્છા છે. આપ અહીં હોળીનો ઉત્સવ કરો. હજારો મનુષ્યોને તેડાવો અને અમને સેવાનો લાભ આપો.'

મહારાજે પગીને હાથોહાથ કોલ આપ્યો. ઉત્સવની તૈયારી કરવા આજ્ઞા આપી.

ભક્તાધીન ભગવાન ભક્તોના મનોરથ પૂરા કરવા વરતાલ પધાર્યા. દેશોદેશથી હરિભક્તોને તેડાવ્યા. નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાંનો સુશોભિત હિંડોળો બનાવ્યો. બે આંબા વચ્ચે ગોઠવ્યો. દિવ્ય આભૂષણો પહેરાવી મહારાજને હિંડોળામાં પધરાવ્યા. મુક્તાનંદ સ્વામીએ મહારાજને ઝુલાવ્યા. મહારાજે પણ જોબનના ભાવને વશ થઈ હિંડોળાને બારેય દરવાજે બાર

સ્વરૂપ ધારણ કર્યાં. મહારાજે દિવ્ય દર્શન સૌને આપ્યાં.

બીજે દિવસે જ્ઞાનબાગમાં, સંતો તથા હરિભક્તો ઉપર મહારાજે ખૂબ ગુલાલ ઉડાડ્યો. સૌ સાથે રંગે રમ્યા. તરબોળ થયા. ભક્તોને અનેરો લાભ આપ્યો.

એક વખત મહારાજે વરતાલમાં ફૂલદોલનો ઉત્સવ કર્યો. મહારાજ પગીની મેડીએ ઊતર્યા હતા. રાત્રે મહારાજ પોઢી ગયા. જોબન પગી અને હમીર મહારાજની ચોકી કરતા હતા, પણ થોડી વારમાં બંને ઊંઘી ગયા.

એટલામાં બુધેજના ખોડાભાઈ મહારાજની રજા લેવા આવ્યા. મહારાજે વિચાર કર્યો: 'વરતાલના પ્રેમી હરિભક્તો જલદી જવા નહીં દે. હમણાં જ જતો રહું.' એટલે ખોડાભાઈની સાથે ગાડામાં નીકળ્યા.

ગાડું ખખડ્યું. પગી જાગી ગયા. પડકારો કર્યો.

'એ તો હું ખોડાભાઈ !' મહારાજે કહ્યું.

પગીએ ઊંઘમાં સાદ ન ઓળખ્યો. સૂઈ ગયા. અંધારામાં મહારાજ જતા રહ્યા.

સવારે હરિભક્તો દર્શને આવ્યા. પગી કહે: 'મહારાજ થાક્યા છે એટલે પોઢ્યા છે.'

થોડી વારે જોયું તો પલંગ ખાલી. મહારાજને ભાળ્યા નહીં, એટલે સૌ ઉદાસ થઈ ગયા. જોબનને ઠપકો આપ્યો. પછી ખબર પડી કે રાત્રે ખોડાભાઈ આવેલા. સૌ પાછળ તપાસ કરવા બુધેજ ગયા. મહારાજ મંદ મંદ હસવા લાગ્યા. સૌને ધીરજ આપી. ગઢડા થઈને પછી અન્નકૂટનો સમૈયો કરવા વરતાલ પધાર્યા.

સંવત ૧૮૭૮ના ચૈત્ર માસમાં વરતાલમાં મંદિરનું ખાત કર્યું. હરિભક્તોએ જુદી જુદી સેવા કરવા મહારાજને વચન આપ્યું.

જોબન પગીએ પોતાની જમીન તો મંદિર માટે આપી જ હતી, તદુપરાંત મહારાજે બીજી રીતે પણ સહકાર આપવા તેને આદેશ કર્યો. ત્યારે પગીએ કહ્યું: 'અમારો ધંધો તો તમે બંધ કર્યો. ઠેઠ પૂના સુધી ચોરી કરીને અમે ધન લૂંટી લાવતા. રસ્તામાં પણ જે મળે તેને લૂંટતા. તે ધંધો બંધ થવાથી ધનની સેવા અમારાથી ક્યાંથી થાય ?'

મહારાજ હેતથી બોલ્યા: 'મારી આજ્ઞાથી જે ધર્મ પાળે તે જ મોટો. ધન

વગર કોઈ કદાપિ નાનો નથી બની જતો. ખૂબ ધન વાપરે, મંદિરો કરે, પણ ધર્મ ન પાળે, તેનું કદી કલ્યાણ થતું નથી. ધનિકને માન વધારે હોય. મને તો સુધર્મી છે એ જ વહાલો છે. અધર્મથી ધન લાવી કોઈ મારી સેવા કરે તો હું પ્રસન્ન નથી થતો. ઊલટો, રિસાઉં છું. ધર્મ મારા પિતા છે. તેનો જે લગારેક ભંગ કરશે તે મારા પિતાના દુશ્મન ગણાશે. તે મને કેમ વહાલો થશે ? ધનની સેવા-ભક્તિ કરતાં દેહની સેવા-ભક્તિ હું અધિક ગણું છું. માટે તમે રાજી થઈને દેહથી સહાય કરજો.'

જોબન પગી અને એમના ભાઈઓએ મહારાજને વચન આપ્યું અને એમના વંશ-વારસો પણ સારા પાકે અને મંદિરનું મમત રાખે એવું વચન માગ્યું.

મંદિરની શરૂઆત થઈ ગઈ. કામ જોવા મહારાજ વરતાલ પધારતા.

એક વખતે ફૂલદોલોત્સવ કર્યો. રંગે રમ્યા. પછી મહારાજ સંતો સાથે નાહવા પધારતા હતા. જોબનને મહારાજે કહ્યું: 'આજે તો તમારી ખોડિયાર માતાએ જઈએ.' જોબન પગી રાજી થયા. મહારાજે માતા ઉપર ગુલાલ છાંટ્યો.

પછી અશ્વ ઉપર અસવાર થઈને પીપળાદે કૂવે સ્નાન કર્યું.

એક વાર જોબન પગીને કામ પ્રસંગે વસો જવાનું થયું. મેડીએ કશિયાભાઈ બેઠા હતા. એમણે જોબનને જોયો. વિચાર થયો: 'એક વખત જોબનની રાડ પડતી. વસોની શેરીઓમાં ડેલીઓ દેવાઈ જતી. છોકરું સુધ્ધાં ઉંકારા ન કરતું. અમે જેનાથી ત્રાસી ગયા હતા તે જોબન આજે વસોની શેરીઓમાં, કપાળમાં તિલક અને ગળામાં કંઠી ને માળા ધારણ કરીને, મૂંગો મૂંગો હાલ્યો જાય છે.'

આમ તો કશિયાભાઈ સ્વામિનારાયણના દ્વેષી હતા, પણ જોબનનું પરિવર્તન જોઈ એમને ઘણું આશ્ચર્ય થયું. કુતૂહલતાથી એમણે જોબન પગીને બોલાવ્યો: 'અલ્યા જોબન! સ્વામિનારાયણમાં તેં શું ભાળ્યું તે આ ભેંસ-ભડકામણું તિલક કરીને ફૂલ્યોપાટ્યો ફરે છે ? તે શું કંઈ ચમત્કારથી ગધેડાની ગાય બનાવે છે ?'

જોબને મક્કમતાથી પણ વિવેકથી કહ્યું: 'કશિયાભાઈ! તમારે હજુ ચમત્કાર જોવો છે? આ તમે મારી સાથે વાત ન કરી શકો. હું ચોરોનો સરદાર. તે મને સ્વામિનારાયણે ભગત બનાવ્યો. ગળામાં કંઠી અને હાથમાં

માળા અપાવી. તે મને ગધેડાને ગાય જેવો કર્યો કે નહીં?'


કશિયાભાઈ સ્તબ્ધ થઈ ગયા. 'હા, ભઈ હા.' કહી માથું ધુણાવ્યું.

મહારાજના અક્ષરધામગમન પછી જોબનને ક્યાંય ચેન પડે નહીં. 'મહારાજ વિના દેહ કેમ ફાટી પડતો નથી?' એવી બળતરા રહ્યા કરે. મોટા મોટા સદ્‌ગુરુઓએ ધીરજ આપી. વળી, મહારાજની અંતિમ વિધિની પ્રસાદીની ભસ્મ હતી તે રોજ લેવા કહ્યું.

દરરોજ જમતી વખતે જોબન થોડી પ્રસાદીની ભસ્મ સાથે લે. મહારાજનું સ્મરણ કરે અને શાંતિ મેળવે.

એક વાર જોબન પગી જમવા બેઠા. તાંસળીમાં રોટલા ને છાશ પીરસાયાં. જોબને ભસ્મ માગી ત્યારે બૈરાંએ ધીરેથી ડરતાં ડરતાં કહ્યું: 'ભસ્મ તો ખલાસ થઈ ગઈ છે.'

આ શબ્દો કાને અથડાયા અને જોબનને ધ્રાસકો પડ્યો. 'હેં....?' શ્વાસ અદ્ધર થઈ ગયો, ડોળા ફાટી ગયા અને પ્રાણપંખેરું ઊડી ગયું! જોબન મહારાજ પાસે ધામમાં બેસી ગયા!



ભક્તરાજ જીવુબા

# ભક્તરાજ જીવુબા

'કુળને કલંક લગાડનારી મોટી ભક્તાણી બની છે! દરબારમાં બાવાને સંતાડ્યો છે! ક્યાં છે? બોલ', એમ કહેતાં ને ઉઘાડી તલવાર સાથે દરબાર એભલખાચરે ઓરડામાં પ્રવેશ કર્યો. ત્યારે ધ્યાનમગ્ન સ્થિતિમાં જીવુબા દૂધનો ભરેલો કટોરો હાથમાં રાખી ઠાકોરજીને ધરાવતાં હતાં.

'આ બધાં ધતિંગ મૂકી દે, ને તારો ભગવાન સાચો હોય તો હમણાં જ આવીને દૂધ પી જાય. નહીં તો આ તલવારથી તારા ટુકડે ટુકડા થઈ જશે,' એભલખાચરે ફરી પડકાર કર્યો.

એકાએક ઓરડો તેજથી ભરાઈ ગયો. મૂર્તિમાંથી ભગવાન ચતુર્ભુજ રૂપે પ્રગટ થયા. જીવુબાએ ધરેલું દૂધ આરોગવા લાગ્યા. અતિશય વિસ્મય પામતાં એભલખાચર ભયથી ડઘાઈ ગયા. હાથમાંથી તલવાર નીચે પડી ગઈ. દેહનું ભાન આવતાં એકદમ પ્રભુનાં ચરણોમાં પડી ગયા.

પોતાની વહારે પધારેલા પ્રભુને પ્રત્યક્ષ નિહાળી જીવુબાના આનંદનો પાર ન રહ્યો. આંખમાં હર્ષાશ્રુ આવ્યાં. થોડી વારે પ્રભુ અદૃશ્ય થયા. તેજ મૂર્તિમાં સમાઈ ગયું. આ બાજુ ગળગળા સાદે એભલખાચર જીવુબાની માફી માગવા લાગ્યા: 'બેટા! તમે કોની ભક્તિ કરો છો?'

'સર્વ અવતારના અવતારી પ્રગટ પુરુષોત્તમ નારાયણની હું ભક્તિ કરું છું. તે સર્વત્ર વ્યાપક છે. મનુષ્યાકૃતિ ધારણ કરી અત્યારે પૃથ્વી ઉપર વિચરે છે. આપે જેમનાં દર્શન કર્યાં છે, તે સહજાનંદ સ્વામી પોતે. તે જ સ્વયં ભગવાન છે. પરબ્રહ્મ સ્વરૂપ છે. મહિમાએ સહિત તમે એમનું ભજન કરશો તો તમને પણ જરૂર એ વશ થશે.' જીવુબાએ ધીર, મધુર વાણીમાં પિતાને પ્રભુનો મહિમા સમજાવ્યો. એભલખાચરે વચમાં જ પૂછ્યું: 'લોકો વાતો કરે છે કે આપણા ઘરમાં બાવો ફરે છે તે કોણ? અને આ દૂધ કોણ પી ગયું?'

'બાપુ! એ જ સહજાનંદ સ્વામી, આપણા ગુરુ.' જીવુબાએ દરબારની ભ્રાંતિ દૂર કરી. પ્રગટ ભગવાન પોતાના ઘરમાં જ રહ્યા છે. પોતે તેમને ઓળખી ન શક્યા અને મારવા માટે તલવાર લઈને તૈયાર થયા તે વાતનું એભલ-

ખાચરને દુ:ખ થયું. પશ્ચાત્તાપ કરતાં પોતે પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યા.

આ જીવુબા તે ગઢપુરના દરબાર એભલખાચરનાં પુત્રી હતાં. સંવત ૧૮૪૧માં એમનો જન્મ થયો હતો. એભલખાચરને સંતાન જીવતાં ન હતાં. તેથી આ પુત્રીનું નામ 'જીવુબા' રાખ્યું હતું. વળી, સૌથી મોટાં દીકરી, તેથી સૌ 'મોટીબા' પણ કહેતાં. એમનો જન્મ પૂનમને દિવસે થયો હતો, તેથી 'પૂનમતિ બા' પણ એમને કહેતાં અને 'જયા' તરીકે પણ ઓળખાતાં.

બાળપણથી જ એમનું જીવન ભક્તિમય હતું. તપ કરવાની પણ રુચિ ઘણી. એટલે ભગવાનમાં જ અખંડ મન જોડવા ખટરસનો પણ ત્યાગ કર્યો હતો. જમીન ઉપર સૂવું, પુરુષમાત્રથી પંદર હાથ દૂર રહેવું વગેરે કડક નિયમોનું પાલન કરતાં. ભગવાનને પ્રસન્ન કરવા અખંડ પ્રભુસેવામાં મગ્ન રહેતાં.

ઉંમરલાયક થતાં એભલખાચરે પોતાની લાડકી પુત્રીના વિવાહ માટે વિચાર કર્યો. જીવુબાને આ વાતની ખબર પડતાં એમણે પિતાને કહ્યું : 'બાપુ ! મારે પરણવું નથી. આ દેહે કરીને ભગવાનની ભક્તિ કરવાની મારી દૃઢ ઇચ્છા છે.'

કાઠી દરબારોમાં બહેન, દીકરીના વિવાહ તો કરવા જ પડે. નાની ઉંમરમાં પણ જીવુબાનો પ્રભુ પ્રત્યેનો ભક્તિભાવ જોવા છતાં એભલખાચરે કુંડળના અમરા પટગરના દીકરા હાથિયા પટગર સાથે જીવુબાને પરણાવ્યાં.

જીવુબા સાસરે આવ્યાં. સાસુ રાઈબાઈનો સરળ સ્વભાવ જોઈ જીવુબાએ ધીરેથી કહ્યું : 'મારે તો બ્રહ્મચર્ય પાળીને ભગવાન ભજવા છે.'

જીવુબાનો ભાવ રાઈબાઈ સમજી ગયાં. એમણે દીકરાને સમજાવ્યું કે 'વહુને ભગવાન ભજવાની રજા આપો.'

પોતાના દેહના ધણી હાથિયા પટગરની રજાચિઠ્ઠી લઈને જીવુબા ગઢડે આવ્યાં. ઘરે પાછાં આવેલાં જોઈને એભલખાચર એકદમ ગુસ્સે થઈ ગયા અને જીવુબાને મારવા જતા હતા. ત્યાં બાપુને સાસરિયાંની રજાચિઠ્ઠી બતાવી એટલે કંઈ બોલ્યા નહીં. રાત-દિવસ જીવુબાનું મન ભગવાનની ભક્તિમાં પરોવાઈ ગયું.

ભગવાન સ્વામિનારાયણ વર્ણીવેશે ભારતમાં વિચરણ કરીને ગુજરાતમાં પ્રવેશ કરી, સોરઠમાં પધાર્યા હતા. ધર્મનો પ્રચાર કરી રહ્યા હતા. પૂર્વનાં સંસ્કારી જીવુબા ભગવાનની કૃપાથી નિરાવરણ દૃષ્ટિવાળાં હતાં અને

મહારાજનાં અખંડ દર્શન કરતાં.

મહારાજ ફરતાં ફરતાં ઉન્મત્તગંગાને કિનારે ગઢપુર પધાર્યા. અંતર્યામી પ્રભુએ જીવુબાને દર્શન દેવાની ઇચ્છાથી દરબારમાં સંદેશો મોકલ્યો. વર્ષોથી પ્રભુનાં પ્રત્યક્ષ દર્શનને ઇચ્છતાં જીવુબા સમાચાર મળતાં જ આનંદમાં આવી ગયાં. પોતાની નાની બહેન લલિતાને લઈને મહારાજનાં દર્શન કરવા ઘેલા તીરે છાનાંમાનાં દોડી ગયાં. મહારાજનાં દર્શનમાત્રથી અંતરમાં અત્યંત શાંતિ થઈ ગઈ. દરબારમાં પધારવા જીવુબાએ મહારાજને વિનંતી કરી. ભક્તવત્સલ ભગવાન તેમની અરજ સ્વીકારીને દરબારમાં પધાર્યા.

એભલખાચરને આ વાતની પાછળથી જાણ થઈ. ત્યારે ગુસ્સે થઈને તેઓ જીવુબાને મારવા દોડ્યા, પણ ભગવાનનાં દિવ્ય દર્શન થતાં એમની ભ્રાંતિ દૂર થઈ.

એભલખાચર મૂળ રામાનંદ સ્વામીના શિષ્ય. રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને ગાદી આપી છે એ વાતની એમને ખબર હતી. સહજાનંદ સ્વામી કારિયાણી પધાર્યા ત્યારે તેઓ દર્શન કરવા ગયેલા, પણ મહિમા નહીં એટલે મહારાજને એક મહંત જેવા જાણી શક્યા. જીવુબા એ જ મહારાજનું ભજન કરે છે – એ વાત તેઓ જાણતા ન હતા.

ત્યારપછી સ્વામિનારાયણ ભગવાન ગઢપુર આવીને રહ્યા, અને એભલખાચર મહિમાથી સેવા કરવા લાગ્યા. જયા, લલિતા તથા તેમના નાના ભાઈ દાદાખાચર પણ મહારાજની સેવામાં અખંડ રહેવા લાગ્યાં. એમની ભક્તિથી વશ થયેલા ભગવાને ગઢપુરમાં દાદાખાચરના દરબારને જ પોતાનું ઘર માન્યું. ઉત્સવ-સમૈયાઓ કરીને તેમજ ગામોગામ વિચરણ કરીને મહારાજ ગઢપુર આવીને નિવાસ કરતા. આ ભક્તોની પ્રેમરૂપી દોરીએ મહારાજ બંધાઈ ગયા હતા.

એક વખત જીવુબા રથમાં બેસીને કારિયાણીથી ગઢપુર આવતાં હતાં. થોડે દૂર ગયાં ત્યાં ઝાડ નીચે સંત બેઠેલા દેખાયા. જીવુબાએ રથ હાંકનારને સંત પાસે મોકલ્યા. પૂછપરછ કરતાં ખબર પડી કે અખંડાનંદ સ્વામીને હાથધોણું (ઝાડા) થઈ ગયું છે. ચાલવાની શક્તિ રહી નથી, તેથી આમ ઝાડ નીચે બેઠા છે.

મહારાજના સંતનું દુઃખ જીવુબાથી કેમ જોયું જાય? તરત પોતે રથમાંથી ઊતરી ગયાં. પોતાની રેશમી રજાઈ, વસ્ત્રો વગેરે ગોઠવીને સુંદર પથારી

તૈયાર કરી. રથ ચલાવનારને આજ્ઞા કરી કે 'એ સ્વામીને રથમાં બેસાડીને ગઢડે પહોંચાડો, અમે ચાલતાં આવીશું.' સંત સુખરૂપે ગઢપુર પહોંચ્યા.

આ બાજુ જીવુબા પોતાની દાસી સાથે આકરા તાપમાં ઉઘાડે પગે ચાલી નીકળ્યાં. રાજાની કુંવરીને આવી રીતે ચાલવાની ટેવ તો હોય નહીં, તેથી પગમાં કાંટા, કાંકરા પણ બહુ ખૂંચ્યા, પણ મહારાજના સંતને અર્થે જીવુબાએ પોતાના દેહની પરવા કરી નહીં. મહારાજને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે પોતે બહુ જ રાજી થયા અને કહ્યું: 'મારા સંતની સેવા કરી એ મારી સેવા કર્યા બરાબર જ છે.'

'મહારાજ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે,' એવો જીવુબાને દૃઢ નિશ્ચય હતો.

જીવુબાની રગેરગ ભક્તિથી ભરપૂર હતી. વળી, મહારાજની કૃપા અને સમાગમથી જ્ઞાન પણ અંતરમાં ભર્યું હતું. એક વખત મહારાજે લાડુ બારોટને, જીવુબા તથા લાડુબા ગૃહસ્થ-ધર્મમાં રહે એવી શિખામણ આપવા મોકલ્યા. લાડુ બારોટે તેમને સ્ત્રીધર્મ સમજાવી, ગૃહસ્થાશ્રમની રીત બતાવી. 'પરણીને સાસરે જવું' એવો ઉપદેશ આપ્યો. પછી જીવુબાએ એમને સાંખ્યધર્મ સમજાવી નર્કની કોથળીરૂપ દેહનું સ્વરૂપ છે તે ભાન કરાવ્યું; આથી, લાડુ બારોટને એકદમ ઊલટી થવા જેવું થઈ ગયું. આવું હતું જીવુબાનું અનુભવજ્ઞાન!

સંવત ૧૯૧૬માં જેઠ સુદ ૬ને દિવસે મહારાજનું અખંડ સ્મરણ કરતાં જીવુબા ધામમાં પધાર્યાં.

# સ્વામી નિર્ગુણદાસજી


રાત્રિની નીરવ શાંતિ સર્વત્ર પથરાયેલી હતી. મંદિરની પાછળ પ્રદક્ષિણામાં અવાજ સંભળાતો હતો. ઘડિયાળમાં ચારના ટકોરા થયા. પૂજારી મંગળા આરતી કરવા મંદિર ઉપર આવ્યા. જોયું તો સાધુગુણ-સંપન્ન વિદ્વાન શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી અને પીજના જેઠાભાઈ ગોષ્ઠિ કરતા હતા.

'અરે, તમે તો કાલ બપોરના અહીં બેઠેલા! હજુ સુધી એમ ને એમ વાતો કરો છો! ખરા ઈશ્કી લાગો છો!' ભગવાનના એ પૂજારીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું. યજ્ઞપુરુષદાસજીએ માત્ર સ્મિતથી જવાબ આપ્યો. સ્નાનાદિક ક્રિયા કરવા બંને નીચે ઊતર્યા.

જેઠાભાઈ વડોદરા કલાભવનમાં અભ્યાસ કરવા આવ્યા હતા. અહીં ગોવિંદભાઈ માસ્તર, શિવશંકરભાઈ, ઉલ્લાસરામભાઈ વગેરે હરિભક્તો પાસે અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાની ઘણી વાતો સાંભળી દરરોજ મંદિરે આવવા લાગ્યા. અહીં તેમને શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીનો યોગ થયો.

સત્પુરુષ તો મુમુક્ષુની ખોજમાં જ હોય. જેઠાભાઈ પણ પૂર્વના સંસ્કારી. યજ્ઞપુરુષદાસજીમાં હેત થઈ ગયું. બેઠક-ઊઠક વધી. એક દિવસ તો સવારો-સવાર વાતો થઈ. યજ્ઞપુરુષદાસજીએ તેમને અક્ષર અને પુરુષોત્તમનાં અનાદિ સ્વરૂપોની નિષ્ઠા દૃઢ કરાવી. ભગતજી મહારાજ, એ યુગલ સ્વરૂપોનું પ્રત્યક્ષ સ્વરૂપ છે, મોક્ષનું દ્વાર છે, તે સમજાવ્યું. 'વચનામૃત'માંથી આ સિદ્ધાંતો પુરવાર કરી બતાવ્યા. જ્ઞાનચક્ષુ ખોલી દીધાં.

નડિયાદ પાસે પીજ ગામમાં આ જેઠાભાઈનો જન્મ સંવત ૧૯૩૨ના જેઠ સુદ ૨ને દિવસે થયો હતો. જ્ઞાતિએ પાટીદાર. બાલ્યકાળથી જ જગત તરફ ઉદાસીનતા જણાતી. મંદિરે જવું, સાધુઓનો સમાગમ કરવો એવી જ વૃત્તિ. ડભાણના સંતો શાસ્ત્રી યોગેશ્વરદાસ તથા જગત્પાવનદાસનો એમને યોગ થયો. સત્સંગ પ્રત્યે આકર્ષણ વધ્યું. પછી મૂળજીભાઈના સમાગમથી ભગતજી મહારાજનો મહિમા સમજાયો. પીજના મંદિરમાં ભગતજીનાં દિવ્ય સ્વરૂપે દર્શન થયાં. વડોદરા આવ્યા પછી સત્સંગનો વિશેષ રંગ લાગ્યો.



સ્વામી નિર્ગુણદાસજી

સૌ પ્રથમ જેઠાભાઈ સંવત ૧૯૫૨ના કાર્તિક માસમાં વહાણમાં બેસી મહુવા ભગતજીનાં દર્શને ગયા. સાથે ભરૂચના મહાશંકરભાઈ દવેના પુત્ર ગણપતભાઈ હતા. દરિયામાં તોફાન થયું. ટંડેલ કહે: 'ઊગર્યાનો ઉપાય નથી.'

જેઠાભાઈ તો મનોમન ભગતજી મહારાજની સ્તુતિ કરવા લાગ્યા. વળી, બધાને હિંમત આપી કે ભગતજી જરૂર આપણી રક્ષા કરશે. કીર્તનો બોલ્યા. એકાએક તોફાન શાંત થયું. સૌ સહીસલામત મહુવે પહોંચ્યા.

મંદિરમાં સાધુ, બ્રહ્મચારી હોય; ત્યાં ભગતજીને દંડવત્ કરે તે કોઈને ગમે નહીં. એટલે ભાગોળમાં જેઠાભાઈએ ભગતજીને સંભારીને દંડવત્ કર્યા. એવી અગમચેતી વાપરી.

ભગતજીની સેવા તથા સમાગમનું જેઠાભાઈને સારું સુખ મળ્યું. રોજ વહેલી સવારે ભગતજીને ઘેર જાય. જ્ઞાનગોષ્ઠિ થાય. માલણ નદીમાં ભગતજીને સ્નાન કરાવે. તેમજ મંદિરમાં પણ ભગતજીની કથાનો અખંડ લાભ મળે.

ફરી પાછા જેઠાભાઈ પીજના સંઘ સાથે મહુવા આવ્યા. આ વખતે જેઠાભાઈને તાવ આવ્યો. મંદિરના મેડે તેમની પથારી હતી. ત્યાં ભગતજી મહારાજ તેમને દર્શન દેવા પધાર્યા. માથે હાથ ફેરવ્યો. પાસે બેસી કથા કરી. વળી, જેઠાભાઈને ગમ્મતમાં કહે: 'જેઠા અને લાલ. લાલ એટલે આત્મા. આત્મારૂપ થઈને ભગવાનની ભક્તિ કરવી.' આવા હેતના શબ્દોથી જેઠાભાઈને ઘણો આનંદ થયો.

થોડા દિવસમાં જેઠાભાઈને તાવ ઊતરી ગયો પણ અશક્તિ ઘણી હતી. તેમને વિચાર આવ્યો: 'ભગતજી મળે (ભેટે) તો દર્દ ઓછું થઈ જાય.'

પથારીનો ત્યાગ કર્યો. એકલા ચાલતાં ભગતજીને ઘેર આવ્યા. ભગતજી પોઢ્યા હતા. જેઠાભાઈને જોઈને એકદમ બેઠા થઈ ગયા. જેઠાભાઈનો સંકલ્પ જાણી ગયા. 'આજે સાજા કરવા છે, આવો મળીએ,' એમ કહી ભગતજી જેઠાભાઈને ભેટ્યા. પોતાનો મનોરથ પૂરો થયો તેથી જેઠાભાઈને અનહદ આનંદ થયો.

ભગતજી મહારાજના આદેશથી સંવત ૧૯૫૩માં જેઠાભાઈએ પાર્ષદની દીક્ષા લીધી. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ પાસે રહેવા લાગ્યા. અંગત સેવક તરીકે ટપાલ તથા અન્ય સાહિત્યસેવા કરતા. કાર્યશક્તિ, વિવેક અને વૈરાગ્યથી તેઓ ટૂંક સમયમાં આચાર્ય મહારાજના પ્રીતિપાત્ર બન્યા.

સંવત ૧૯૫૩માં આચાર્ય મહારાજે એમને મુંબઈ મંદિરના કોઠારી નીમ્યા. ત્યારપછી વડોદરા, જૂનાગઢ, ગઢડા વગેરે મંદિરોમાં પણ કોઠારી તરીકે કામ કર્યું.

મહુવામાં જ્યારે ભગતજી મહારાજે માંદગી ગ્રહણ કરી ધામમાં જવાનો સંકલ્પ કર્યો, ત્યારે મુંબઈ જેઠા ભગતને કાગળ લખ્યો. ભગતજીના માંદગીના સમાચાર સાંભળી તરત જેઠા ભગત મહુવે પહોંચ્યા. ભગતજીએ તેમને પોતાની અંગત સેવાનો લાભ આપ્યો. ખૂબ સુખ આપ્યું. ત્રેવીસ દિવસ સેવા કરી જેઠા ભગતે ભગતજી મહારાજને પ્રસન્ન કર્યા. ભગતજીએ તેમને વર આપ્યો : 'તમારા ઉપર ભગવાન અને સાધુની દૃષ્ટિ અખંડ રહેશે.'

ત્યારે યજ્ઞપુરુષદાસજી રાજકોટમાં વિદ્યાભ્યાસ કરતા હતા. સ્વામી જાગા ભગત તે વખતે જૂનાગઢમાં હતા. એટલે યજ્ઞપુરુષદાસજીની ઇચ્છાથી, મુંબઈ મંદિરનું કોઠારીપણું છોડી જેઠા ભગત જૂનાગઢ આવ્યા. છ માસ સુધી જાગા ભગતનો સમાગમ કર્યો. સાથે કોઠારમાં પણ સેવા કરી. તેમ જ સદ્‌ગુરુ બાળમુકુંદદાસજી, સદ્‌ગુરુ ધર્મસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ નારાયણદાસજી તથા સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસજીનો પણ સમાગમ કર્યો. ભગતજી મહારાજ અને સ્વામી જાગા ભગત બંને સત્પુરુષોના આશીર્વાદ મેળવ્યા. ગુરુકૃપાથી અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા એમના જીવમાં દૃઢ થઈ ગઈ.

સંપ્રદાયમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીની પ્રતિષ્ઠા વધતી જતી હતી. અન્ય ત્યાગીઓથી એ સહન થઈ ન શક્યું. નાની ઉંમરના આચાર્ય મહારાજને યુક્તિથી સમજાવ્યા. આચાર્ય મહારાજે યજ્ઞપુરુષદાસજીનો અનાદર કર્યો. ત્યાગીઓનો રોષ વધતો જતો હતો. આથી, ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર કૃષ્ણજી અદા અને બીજા પ્રતિષ્ઠિત હરિભક્તોના આગ્રહથી યજ્ઞપુરુષદાસજી અને એમના હેતવાળા સંતો વરતાલમાંથી નીકળી ગયા. કોઠારી જેઠા ભગત પણ એમને છોડી શક્યા નહીં અને સાથે જ નીકળી ગયા.

સંવત ૧૯૬૨ની વસંત પંચમીના સમૈયામાં, વઢવાણના આચાર્ય કુંજવિહારીપ્રસાદ મહારાજે જેઠા ભગતને ત્યાગીની દીક્ષા આપી અને 'નિર્ગુણદાસ' એવું નામ ધારણ કરાવ્યું.

અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાના પ્રવર્તનનો સુવર્ણયુગ શરૂ થયો. પ્રારંભકાળમાં અનેક અસહ્ય વિઘ્નો આવ્યાં. સ્વામીશ્રી જોડે નિર્ગુણદાસ સ્વામી

પણ એમાં સહભાગી થયા. સંપ્રદાયમાં પ્રાપ્ત થયેલાં ગૌરવભર્યાં સ્થાન, સત્તા અને ઐશ્વર્યને એમણે ઠોકરે માર્યાં હતાં. શુદ્ધ નિષ્ઠાનો પ્રચાર કરી સ્વામીશ્રીને રાજી કરવા એમણે કમર કસી હતી. ભગતજી અને જાગા ભગતે એમને જ્ઞાનનું બખ્તર પહેરાવ્યું હતું. ચોમેરના વિરોધ, તિરસ્કાર અને ધમકીના વાતાવરણમાં પણ એમને આનંદ હતો – સ્વામીશ્રીની પ્રાપ્તિનો !

તેઓ ઘણી વાર કહેતા: ''મને ભગવાં વસ્ત્ર પહેરવાનો ઉપદેશ આપવાની પણ કોઈ હિંમત ન કરે. પણ સ્વામીશ્રીએ કહ્યું: 'તમારી બુદ્ધિ, જ્ઞાન અને કાર્યશક્તિ ભગવાંમાં દીપશે. ધોળાંમાં નહીં દીપે !' એટલા જ શબ્દોથી મને ચોટ લાગી અને મેં દીક્ષા લીધી.''

એમનો કડપ પણ જબરદસ્ત. તેઓ વરતાલમાં હતા ત્યાં સુધી કોઈ સાધુ, જાગા ભગત અથવા પ્રાગજી ભગત વિરુદ્ધ બોલી શકે નહીં. 'જા' કે 'પ્રા' એટલો શબ્દ પણ કોઈથી બોલાતો નહીં. એવો હતો નિર્ગુણ સ્વામીનો પ્રભાવ !

તેઓ આજે નાનામાં નાના સેવક બન્યા હતા. મંદિરોના પાયા ખોદવા, ઝોળી માગવી, હરિભક્તોની નાના પ્રકારની સરભરા કરવી, એમનો પક્ષ રાખવો ઇત્યાદિક સેવાઓ મહિમાપૂર્વક, ઉત્સાહથી તન તોડીને કરતા. ઉપાસનાના આ કાર્યમાં સ્વામીશ્રી માટે મરી ફીટવું એ જ એક તાન હતું.

*'રે રંગ સહિત હરિને રટીએ, રે હાક વાગે પાછા નવ હઠીએ;*
*બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ, રે શિર સાટે નટવરને વરીએ.'*

આ પદ તેઓ બહુ બોલતા.

સાથે સાથે જ્ઞાનચર્ચા અને જ્ઞાનપ્રચારની પણ બહુ ધગશ. સ્વામિનારાયણ એ જ અક્ષર-પુરુષોત્તમ, એ જ આત્મા-પરમાત્મા, એ જ બ્રહ્મ-પરબ્રહ્મ; વર્તમાન કાળે સ્વામીશ્રીજીનું પ્રત્યક્ષ સ્વરૂપ એ જ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ, એવી સ્વરૂપનિષ્ઠાની સચોટ વાતો કરે. 'વચનામૃત', 'ગીતા', 'ભાગવત'ને આધારે સૌને સમજાવવાનું અત્યંત તાન. નવા નવા મુમુક્ષુઓને ખૂબ ધગશથી આ વાત સમજાવે. પત્રો લખીને પણ હંમેશાં સૌને પોષણ આપે.

પારાયણો, ઉત્સવો તથા જ્ઞાનસત્રોમાં પણ નિર્ગુણદાસ સ્વામી સ્વામીશ્રીની સાથે હોય જ. હરિભક્તોને અખંડ વાતો કરે. 'વચનામૃત'ના મુદ્દાની પકડ, સમજાવવાની શૈલી અદ્‌ભુત. સત્સંગપ્રવૃત્તિ અંગેના નિર્ણય લેવાના હોય કે નાનાં-મોટાં વહીવટી કામો હોય, પણ સ્વામીશ્રી એમને સાથે

રાખતા. સરકારી કામો તો ઘણુંખરું તેઓ જ સંભાળતા. કોઈ પણ મોટા અમલદારને મળતાં એમને જરા પણ સંકોચ થતો નહીં.

સમૈયા, ઉત્સવોમાં સુંદર વ્યવસ્થા કરતા અને નાના-મોટા સૌ હરિભક્તોની સગવડો સાચવવા જાતે સેવા કરતા. સમૈયામાં રાત્રે ફાનસ લઈને ફરે. દરેક હરિભક્તને પાગરણ મળ્યું છે કે નહીં તે જુએ. કોઈની પાસે વધુ હોય તો તે લઈને બીજાને આપે. વળી, મોડી રાત્રે પણ કોઈ હરિભક્ત આવે તો એમની વ્યવસ્થા કરે.

હરિભક્તોના જીવનમાં ઓતપ્રોત થઈ જવું એ એમની વિશેષતા હતી. હરિભક્તનું દુ:ખ જોઈને દ્રવી જતા. તે દુ:ખ એમને પોતાનું જ લાગતું. હરિભક્તોનો મહિમા સમજી ખૂબ મમતાથી તેઓ એમનાં વ્યાવહારિક દુ:ખોમાં ભળતા. એમનાથી બનતી તમામ મદદ કરતા. ભક્તોને સર્વ પ્રકારે શાંતિ આપતા.

ગુજરાત બહાર ખાનદેશમાં પણ સત્સંગ પ્રચારાર્થે તેઓ વર્ષોવર્ષ જતા. ગુજરાતથી અહીં આવીને વસેલા અહીંના હરિભક્તો ઘણા પ્રેમી હતા. નિર્ગુણ સ્વામી એમને શાસ્ત્રીજી મહારાજનો અદ્‌ભુત મહિમા સમજાવતા.

સંવત ૧૯૭૫માં એમણે અહીં વસંત પંચમીનો સમૈયો ગોઠવ્યો હતો. સ્વામીશ્રી તેમજ બીજા પણ ઘણા સંતો તથા હરિભક્તો પધાર્યા. ગામડાંના ભલાભોળા આ હરિભક્તો બહુ નિર્દોષ હતા. સ્વામીશ્રીને વિષે એમને અપાર દિવ્યભાવ. એમનો આવો ભાવ જોઈને સ્વામીશ્રીએ એમને અપાર સુખ આપ્યું. નિર્ગુણદાસ સ્વામીએ આ હરિભક્તોને સ્વામીમય કરી દીધા હતા. સ્વયં સમર્થ હોવા છતાં નિર્ગુણ સ્વામી હંમેશાં સર્વ હરિભક્તોને સ્વામીશ્રીમાં જ જોડતા. પોતે તો સદા એમના દાસ બનીને જ રહેતા.

ખાનદેશમાં એક હરિભક્તને નિર્ગુણ સ્વામીએ પુત્રપ્રાપ્તિ માટે માનતા આપી હતી. તે ભક્ત ફરીથી સ્વામીશ્રી પાસે માનતા લેવા આવ્યા. સ્વામીશ્રીએ અંતર્યામીપણે કહ્યું : 'નિર્ગુણ સ્વામીએ માનતા આપી છે ને ? એની આપેલી માનતા ફળવાની જ.' આ સમયે સ્વામીશ્રીએ ખાનદેશી હરિભક્તોને નિર્ગુણદાસજીનો અપાર મહિમા સમજાવ્યો.

મંદિરોનાં વિવિધ કાર્યો ચાલતાં. સ્વામીશ્રીનું વિચરણ અવિરત રહેતું. આજે ગુજરાતમાં તો કાલે સૌરાષ્ટ્રમાં. નિર્ગુણદાસજી પણ એમની સાથે જ

હોય. અવિરત સત્સંગપ્રવૃત્તિ ચાલતી. સત્સંગમાંથી કોઈનું મન પાછું પડ્યું હોય ત્યારે નિર્ગુણ સ્વામી એની પાસે પહોંચી જ જાય. 'વચનામૃત' અને સત્સંગના ગ્રંથોને આધારે, સ્વામીશ્રીજી અને પ્રગટ સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરાવે. હરિભક્તની અવારનવાર ખબર રાખે, પણ કોઈને સત્સંગમાંથી પાછા પડવા ન દે.

સ્વામીશ્રીની આજ્ઞાથી તેઓ ઈશ્વરભાઈ પ્રભુદાસ પટેલ સાથે, આચાર્ય લક્ષ્મીપ્રસાદ મહારાજના પુત્ર રાધારમણપ્રસાદને તેડવા છપૈયા ગયા હતા. અહીં એમનાં દીદીએ રાધારમણપ્રસાદને મોકલવા ના પાડી.

પાછા ફરતાં નિર્ગુણ સ્વામી ઘોડી ઉપર બેસી સ્ટેશને જતા હતા. એવામાં એકાએક ઘોડી ઉપરથી પડી ગયા. પેટમાં અને માથામાં સખત માર લાગ્યો, અસહ્ય વેદના થવા લાગી. ગામમાં લોકોએ સારવાર કરી, પણ પીડા ઓછી થાય નહીં. એમને થયું: હવે જરૂર ધામમાં જવાનું થશે, પરંતુ સ્વામીશ્રી સાંભરી આવ્યા. એમનાં દર્શનની અંતિમ ઇચ્છા થઈ. મનોમન પ્રાર્થના કરી. મહારાજે દર્શન દીધાં. માણકી ઉપર વિરાજમાન હતા. દૂધની ભરેલી ચાંદીની લોટી હાથમાં હતી. મહારાજે નિર્ગુણ સ્વામીના શરીરે હાથ ફેરવ્યો, દૂધ પાયું. અમૃત ઔષધ સમાન દુગ્ધપાન, દર્શન અને સ્પર્શથી પીડા મટી ગઈ. બીજે દિવસે સવારે તો એકદમ સ્વસ્થ થઈ ગયા. કાશી જવા તૈયાર થયા (ઈશ્વરભાઈ તથા શ્રીજીસ્વરૂપદાસ સાથે), કાશીથી ગુજરાતમાં પધાર્યા.

નિર્ગુણ સ્વામીની વારંવાર પધરામણી અને પત્રવ્યવહારથી મુંબઈમાં પણ સત્સંગીઓની વૃદ્ધિ થવા લાગી. ક્યારેક સ્વામીશ્રી પણ એમની સાથે હોય. મુંબઈમાં કોઠારી હતા ત્યારે મોતીલાલ ફોજદાર તથા રામજી કેશવજી વગેરે પ્રતિષ્ઠિત હરિભક્તોને એમણે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજનો અપરંપાર મહિમા સમજાવ્યો હતો. હરિભક્તોને મદદ કરવાની લાગણીથી, એમના પ્રત્યે નાના-મોટા સૌને સહેજ જ ભાવ થઈ જતો.

એમનો સ્વભાવ જરા કડક ખરો. કોઈ કાર્ય અથવા વ્યવસ્થા બરાબર ન થઈ હોય તો જરા આકરા પણ થઈ જાય. કોઈને બે શબ્દો સંભળાવી પણ દે, પણ મનમાં એની આંટી નહીં. તરત ભૂલી જાય. એવી એમની સરળ પ્રકૃતિ હતી. પોતાની ભૂલ જણાય તો માફી પણ માગી લેતાં અચકાતા નહીં.

એક વાર સૌ હરિભક્તોએ સ્વામીશ્રીને પૂછ્યું: 'વર્તમાનકાળે

મહારાજનો અને સ્વામીનો શેમાં રાજીપો છે ?'

સ્વામીશ્રી કહે: 'અક્ષરપુરુષોત્તમનાં મંદિરો કરવાં એમાં જ રાજીપો છે. અને આ કાર્યમાં તન, મન, ધનથી થોડી-ઘણી પણ જે સેવા કરશે, તેને મહારાજ શુદ્ધ બ્રહ્મરૂપ કરી અક્ષરધામમાં લઈ જશે.'

ત્યારે નિર્ગુણ સ્વામી બોલ્યા: 'સાથે ભગતજી મહારાજ ને પ્રગટ વિચરતું સ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ – એમનો મહિમા પ્રવર્તાવવો, એમાં પણ રાજીપો છે.'

આ સાંભળી સૌ ઘણા રાજી થયા. નિર્ગુણ સ્વામીને રૂંવાડે રૂંવાડે પ્રગટનો મહિમા હતો તે સૌને સમજાયું.

દેશમાં તો એમનું અવિરત વિચરણ, પત્રવ્યવહાર સતત ચાલુ રહેતાં; પણ પરદેશમાં – આફ્રિકામાં ભક્તરાજ હરમાનભાઈ અને મગનભાઈ દ્વારા સત્સંગનો પ્રારંભ થયો ત્યારથી એ દૂર દેશમાં પણ એમણે અક્ષરપુરુષોત્તમની અને પ્રગટ સત્પુરુષની નિષ્ઠાની પત્રમાળા ચાલુ જ રાખી. આ પત્રો બે-પાંચ પાનાંના નહીં, પણ સો-સો પાનાં સુધી ભરાતા. અને તે પણ જુદા જુદા હરિભક્તની ઉપર, સરળ, મુદ્દાસર અને ટીકા-ટીપણી વગરના આ પત્રો 'વચનામૃત' અને સત્શાસ્ત્રોના આધારે જ લખાતા. આવી મમતા અને લાગણીથી આફ્રિકાના હરિભક્તો એમના પત્રો હોંશે હોંશે વાંચતા, વિચારતા અને પચાવતા. કોઈ એમને કહેતું કે 'આ શું લઈ મંડ્યા છો ?' ત્યારે પોતાની જોશીલી શૈલીમાં સંભળાવતા કે 'આફ્રિકાના હરિભક્તો રાજી થાય તે માટે પત્ર લખવા જ જોઈએ. આ સેવા મને મળી એ તો મારાં ધન્યભાગ્ય કહેવાય.'

હરિભક્તોના અતિશય આદરને પાત્ર બનવા છતાં તેઓ તદ્દન નિઃસ્પૃહી પણ હતા. આફ્રિકાના એક હરિભક્તે એમને માટે નવો ગરમ ધાબળો મોકલ્યો. મોકલનાર હરિભક્તની એવી દૃઢ ઇચ્છા હતી કે નિર્ગુણ સ્વામી ધાબળો વાપરે તો સારું, પણ એમણે તો તરત એ સારી વસ્તુ પોતાના ગુરુનાં ચરણોમાં ધરી દીધી.

એવા જ એક પ્રસંગે આફ્રિકાથી ટપાલમાં કેટલાક શિલિંગના પોસ્ટલ ઓર્ડર આવ્યાં. વળી તે હરિભક્તે લખ્યું હતું કે 'આપ ટપાલ ઘણી લખો છો તો ટપાલખર્ચમાં આપ આ રકમ વાપરશો.' આ વાંચી નિર્ગુણ સ્વામી નારાજ થયા. રકમ તો એમણે તરત કોઠારમાં જમે કરાવી, પણ તે હરિભક્તને મીઠા

ઠપકાનો પત્ર લખ્યો કે 'આવી રીતે મારા ઉપર કોઈ રકમ ન મોકલવી. મને જે જોઈએ તે કોઠારમાંથી મળી રહે છે.'

સત્સંગ-પ્રચારના મહાન કાર્યને વેગ આપવાને કારણે એમની પ્રતિષ્ઠા ખૂબ વધતી હતી, છતાં યોગીજી મહારાજની સાધુતા અને જ્ઞાનગરીબી આગળ તેઓ હંમેશાં નમતા રહેતા અને સૌને સમજાવતા કે 'આ જોગી મહારાજને ઓળખી લેજો, ઓળખાય એવા સાધુ નથી.'

બોચાસણમાં સમૈયો હતો. મંદિરના એક ખૂણામાં ઉકરડાનો મોટો ઢગલો પડ્યો હતો. સ્વામીશ્રીની તે તરફ દૃષ્ટિ પડી. નિર્ગુણ સ્વામીએ એ જોયું એટલે તરત કછોટો મારીને, પાવડો લઈને તૈયાર થયા. સવારથી કામ શરૂ કર્યું. સાંજ સુધીમાં તો કેટલાંય ગાડાંનો આખો ઉકરડો એકલા હાથે ફેરવી નાખ્યો. આવી નીચી ટેલ તો પોતે ગમે ત્યારે શોધી લેતા. મંદિરોમાં ક્યાંય ગંદકી પડી હોય, અવ્યવસ્થા હોય તો પોતે તરત તૈયાર થઈ જતા. ઉત્સાહ અને આનંદથી જોતજોતાંમાં બધું ઠીક કરી નાખતા.

સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની ૮૦મી જન્મ જયંતી તથા સુવર્ણ જયંતી જેવા મહાન ઉત્સવોમાં એમણે પોતાની અપ્રતિમ કાર્યશક્તિ અને ગુરુભક્તિ બતાવી હતી.

ત્યારપછી એમની તબિયત બગડી. એમને મુંબઈ લાવવામાં આવ્યા પણ અશક્તિ અને માંદગીના કારણે તેઓ ઘણા અસ્વસ્થ રહેવા લાગ્યા. સ્વામીશ્રી હંમેશાં એમને હિંમત આપતા. આ અંતિમ સમય હોય એવું જણાતાં નિર્ગુણ સ્વામીએ ગદ્ગદ કંઠે સ્વામીશ્રીને પ્રાર્થના કરી : 'કંઈ અપરાધ થયો હોય, આપની રુચિ બરાબર ન જાળવી શક્યો હોઉં, તો ક્ષમા કરજો. હવે ધામમાં લઈ જાઓ.'

સ્વામીશ્રીની જમણી ભુજા સમાન, શૂરવીરતાની મૂર્તિ, સત્સંગના મહારથી સંતવર્ય આજે નિઃસહાય સૂતા હતા.

આ પ્રાર્થના સાંભળી સ્વામીશ્રી ગળગળા થઈ ગયા. 'હજુ આપણે ગઢડા મંદિરમાં આરતી ઉતારવાની છે, માટે હિંમત રાખો, મહારાજ સારું કરી દેશે,' એવાં હિંમતનાં વચનો કહી નિર્ગુણ સ્વામીને શરીરે સ્વામીશ્રીએ હાથ ફેરવ્યો.

ત્યારપછી વધુ તબિયત બગડતાં મુંબઈથી થોડે દૂર પેણ ગામે સારવાર માટે જવાનું નક્કી થયું. સ્વામીશ્રીથી છૂટા પડવાની નિર્ગુણ સ્વામીની જરા

પણ ઇચ્છા ન હતી. પોતે જાણતા હતા કે આ છેલ્લો સમય છે. સ્વામીશ્રીની આજ્ઞાથી જ તેઓ પેણ જવા તૈયાર થયા.

પેણ જવાને દિવસે સ્વામીશ્રીએ નિર્ગુણ સ્વામીને માથે હાથ મૂક્યો. શરીરે હાથ ફેરવ્યો. 'મહારાજ જલદી સારું કરી દેશે, આપણે સાજા-સારા મળીશું,' એવા આશીર્વાદ આપતાં સ્વામીશ્રી નિર્ગુણ સ્વામી તરફ એકધારું જોઈ રહ્યા. જીવનભરના સાથી, સુખ-દુઃખમાં, માન-અપમાનમાં, દરેક પ્રસંગે પોતાના ફરતી ઢાલ સમાન, સત્સંગના સિંહ સમાન શૂરવીર સંતવર્યનાં આ અંતિમ દર્શન હતાં. ઍમ્બ્યુલન્સ ઊપડી ગઈ.

આ બાજુ સ્વામીશ્રી પોતાના ઓરડામાં આવી એકદમ નીચે બેસી ગયા. વાતાવરણ ગમગીન બની ગયું.

સ્વામીશ્રી અને સત્સંગ સમાજથી દૂર જતાં, નિર્ગુણ સ્વામીની સ્થિતિ વધારે ગંભીર બની. છેવટે સ્વામીશ્રીની અનુમતિ મળતાં એમને આણંદ લાવવામાં આવ્યા. અહીં તેમની પાસે અખંડ ધૂન, કીર્તન, કથાવાંચન શરૂ થયાં. તેઓ હરિભક્તો સાથે અવારનવાર સ્વામીશ્રીને સંદેશો મોકલતા: 'સ્વામીને મારા જય સ્વામિનારાયણ કહેશો. એક વાર મને દર્શન આપે.'

સ્વામીશ્રી તરફથી કંઈ સમાચાર મળતા ત્યારે એમનું મુખારવિંદ આનંદથી ખીલી ઊઠતું.

આ સમયે અમદાવાદમાં સ્વામીશ્રીએ પણ એકાએક બીમારી ગ્રહણ કરી હતી.

આ બાજુ નિર્ગુણ સ્વામીની સ્થિતિ વધારે બગડી. સ્વામી, મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજનું અખંડ રટણ થવા લાગ્યું અને જેઠ સુદ ૧૪ના મંગળવારે સવારે ૧૦-૪૫ વાગે (સંવત ૨૦૦૬, સન ૧૯૫૦, ૩૦ મે) નિર્ગુણ સ્વામીએ દેહનો ત્યાગ કર્યો અને અક્ષરધામમાં શ્રીજીમહારાજની સેવામાં બિરાજ્યા.

દેશમાં અને આફ્રિકામાં, મુમુક્ષુઓને ગળથૂથીમાંથી જ અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાનું પાન કરાવનાર એ સમર્થ પુરુષ, 'પ્રેમ અને પક્ષ'ની મૂર્તિ હતા. દુખિયારાના સાથી અને ગરીબના બેલી હતા. ગુણાતીત જ્ઞાનબાગને વિકસાવવામાં તેમનો ફાળો અતિ મોટો હતો. તે પુરુષે હજારો ભક્તોમાં અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાના સંસ્કાર સીંચી આ લોકમાંથી વિદાય લીધી !

# સ્વામી યજ્ઞપ્રિયદાસજી


શ્રીજીના પદારવિંદથી અંકિત થયેલી પ્રસાદીની એ સાધુની ધર્મશાળા હતી. સાંકડી જગ્યામાં પણ ભક્તોની ભીડ જોઈ આશાભાઈને આશ્ચર્ય થયું ! પણ એ ભક્તમંડળના કેન્દ્રમાં ભરતાખ્યાનની કથા કરતા એક અતિ તેજસ્વી પુરુષનાં તેમને દર્શન થયાં. આંખો ત્યાં જડાઈ ગઈ. પગ થંભી ગયા. ત્યાં સાથે આવેલા ભોમિયાએ આશાભાઈને ઢંઢોળ્યા અને અહીં ઊભા રહેવામાં સાર નથી, એમ જણાવ્યું. આશાભાઈનું શરીર ઢસડાયું પણ મન ત્યાં ચોંટી ગયું. શાસ્ત્રીજી મહારાજનું આ એમને પ્રથમ દર્શન !

આશાભાઈ અને ઈશ્વરભાઈ બંને ભાઈઓ વડોદરા પાસે સાધી ગામના રહેવાસી. ઘણા મુમુક્ષુ અને વ્યવહારે સુખી. ગામમાં રામાનંદી મંદિર. તેનો વહીવટ આ ભાઈઓ જ કરતા. આશાભાઈ તો દર પૂનમે રણછોડરાયનાં દર્શને ડાકોર જતા.

એક રાત્રે અચાનક સ્વપ્નમાં એમને રણછોડરાયે દર્શન દીધાં ને કહ્યું : 'સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરો. આજે સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં પ્રગટ વિચરે છે.'

થોડા સમય પછી ગામમાં સ્વામિનારાયણના સંતો પધાર્યા. તેમનાં દર્શને તેઓ ગયા. સેવા કરવાની ઇચ્છા દર્શાવી. સંતમંડળના મોવડી સાધુ ધર્મનંદનદાસ પાસે આશાભાઈએ વર્તમાન ધરાવ્યાં. આ પછી વરતાલ દર્શને ગયા. અહીં અદ્‌ભુત મંદિર, સંતો તથા હરિભક્તો જોઈને વિશેષ આનંદ થયો અને શાસ્ત્રીજી મહારાજનાં અચાનક દર્શનથી તો અંતર ઠરી ગયું.

ત્યારપછી શાસ્ત્રીજી મહારાજ સાધી પધાર્યા. અહીં આશાભાઈને સ્વામીશ્રીનો વિશેષ પરિચય થયો. સ્વામીશ્રીના સમાગમથી એમના મનમાં સમાધાન થયું. કલ્યાણની પ્રતીતિ આવી અને શાસ્ત્રીજી મહારાજનાં ચરણ-કમળમાં સહેજે જ એમનું મસ્તક ઢળી પડ્યું. સ્વામીશ્રીમાં હેત થયું, તેથી એમનાં વચનો પણ મનાવા લાગ્યાં. થોડા જ સમયમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું રહસ્ય સમજી ગયા. સ્વામીશ્રીની આજ્ઞાથી વઢવાણ મંદિરમાં



સ્વામી યજ્ઞપ્રિયદાસજી

અક્ષરપુરુષોત્તમ દેવની પ્રતિષ્ઠા થાય તે માટે પોતે ખૂબ જહેમત ઉઠાવી.

કેટલીક વ્યાવહારિક મુશ્કેલીને કારણે આશાભાઈએ છોટાઉદેપુરમાં ખેતી માટે જમીન રાખી હતી. સ્વામીશ્રીએ તેમને ત્યાં જવાની ના પાડી, પરંતુ આર્થિક ભીંસને કારણે છોટાઉદેપુર જવાની લાલચ આશાભાઈ છોડી શક્યા નહીં. એમના મનની મૂંઝવણ જાણીને સ્વામીશ્રીએ દૃઢતાથી આદેશ કર્યો: 'અમને મોટાપુરુષ જાણતા હો તો ન જશો ને તમારું દુઃખ અમારી ગાદી તળે.'

વાત્સલ્યપૂર્ણ આ વચનોથી આશાભાઈનું અંતર ભેદાઈ ગયું ને દુઃખ દૂર થઈ જતું હોય તેવો ચમત્કારિક અનુભવ થયો. આશાભાઈએ આ આજ્ઞા શિર ઉપર ધારી. આ પ્રસંગથી તેઓ સ્વામીશ્રીની વિશેષ નજીક આવ્યા.

દ્વેષનાં પ્રચંડ પૂર ચઢ્યાં. ન છૂટકે સ્વામીશ્રીને વરતાલ મંદિરનો ત્યાગ કરવો પડ્યો. આશાભાઈ આ પ્રસંગના સાક્ષી હતા. સંપ્રદાયના હજારો ત્યાગીઓમાં ધ્રુવતારકની સમાન શોભતા સંતવર્યનો વનવાસ ભક્તોથી કેમ સહ્યો જાય? અને આશાભાઈ જેવા અનેક મુક્તરાજોએ સ્વાર્પણના સ્વાંગ સજીને, ધન, ધામ અને પરિવાર સ્વામીશ્રીનાં ચરણોમાં હોડે મૂક્યાં.

ધીરે ધીરે સમૈયાઓ અને પારાયણોનું આયોજન શરૂ થયું. આ દરેક પ્રસંગે આશાભાઈ તથા ઈશ્વરભાઈ સ્વામીશ્રીનાં દર્શને જતા. વળી, બોચાસણ તથા સારંગપુર મંદિરનાં કામો ચાલતાં તેમાં પણ તન, મન અને ધનથી તેઓ સેવા કરતા. સ્વામીશ્રીને એકાએક પૈસાની જરૂર પડે ત્યારે આ બંને ભાઈઓ તરફ નજર કરતા અને તેઓ સ્વામીશ્રીના વચનાનુસાર ગમે ત્યાંથી રકમ હાજર કરતા.

સાધીમાં જૂના સંપ્રદાયના હરિભક્તો વધારે. તેથી શાસ્ત્રીજી મહારાજ સાધી ખાસ પધારતા નહીં અને આ ભક્તો સ્વામીશ્રીની અંગત સેવાના લાભથી વંચિત રહી જતા. આ સેવાના લોભે જ એમણે સાધી ગામ છોડવાનો નિશ્ચય કર્યો. બીજે જમીન રાખવા બાબત સ્વામીશ્રીને પૂછ્યું. સ્વામીશ્રીએ તરત સંમતિ આપી અને વડોદરા નજીક આજવા રોડ ઉપર જમીન લેવા જણાવ્યું.

બોચાસણના સમૈયામાં આ વાત થઈ. પછી સ્વામીશ્રી જાતે જ ડમણિયું લઈને એમની સાથે ત્યાં ગયા. પોતાને જમીન અંગે ઘણો રસ. વળી, ભક્તો પ્રત્યેની અપાર લાગણી. સ્વામીશ્રીની આજ્ઞાથી જેસંગપુરામાં આશાભાઈએ

જમીન લીધી. ત્યારપછી સ્વામીશ્રીની પ્રેરણાથી રઢુ નજીક જમીન રાખી. સ્વામીશ્રીએ આ જમીનમાંથી થોડાં વીઘાં જમીન જુદા જુદા હરિભક્તો પાસે વેચાતી લેવરાવી. આશાભાઈએ આ રીતે મળેલી નફાની રકમ સારંગપુર મંદિરની સેવામાં લીધી. પરસ્પર આત્મીયતા વધે તે હેતુથી, સહકારી ભાવનાથી ખેતી કરવા સ્વામીશ્રીએ હરિભક્તોને શીખવ્યું.

એક વખત આશાભાઈએ સયાજીપુરામાં પોતાની જમીન ઉપર હરિભક્તોને બોલાવીને સૌને પોંક જમાડવાનો સંકલ્પ કર્યો, પરંતુ સ્વામીશ્રીએ તો મોટા ઉત્સવ ગોઠવવા કહ્યું અને ગામેગામ હરિભક્તોને આમંત્રણ મોકલ્યું.

સમય ઘણો ટૂંકો હતો, છતાં ઈશ્વરભાઈએ કેટલાક મિત્રોની ઓળખાણથી વડોદરાના ફરાસખાનામાંથી મોટા શમિયાણા, તંબૂઓ, ચંદરવા, શેત્રંજીઓ, રસોઈનાં વાસણો વગેરે નાની-મોટી તમામ જરૂરી ચીજો મેળવી, ચાલીસ ગાડાંઓ ભાડે કરી સયાજીપુરા પહોંચાડી. સ્વામીશ્રીની આજ્ઞાથી પાંચ જૂનાં ઘર હતાં તે રાતોરાત તોડીને ત્યાં શમિયાણા ગોઠવ્યા.

ગુજરાતના મોટા મોટા પાટીદારો અને વડોદરાના અમલદારો તેમજ હજારો હરિભક્તો આ સમૈયામાં આવ્યા. આ પ્રસંગે સ્વામીશ્રીએ ભાગવત અને સત્સંગિજીવનમાંથી ભક્તિ, જ્ઞાનના અદ્‌ભુત પ્રસંગો વાંચ્યા. નિર્ગુણદાસ સ્વામી, મહાપુરુષદાસ સ્વામી, વિજ્ઞાનદાસ સ્વામીએ પણ પ્રસંગોચિત સંતના મહિમાની વાતો કરી. સવાર-સાંજ હરિભક્તોને જમવા માટે પાટલા, જર્મન-સિલ્વરના તાટ, રંગોળીઓ ને અગરબત્તીની શોભાથી સુંદર વ્યવસ્થા કરી હતી. રોજ રોજ નવાં પકવાનો સાથે વિવિધ ભોજન પીરસાતાં.

આશાભાઈ અને ઈશ્વરભાઈએ સંતો-ભક્તોના સ્વાગતમાં પોતાની સર્વ સમૃદ્ધિ અર્પણ કરી દીધી હતી. પૂર્ણિમાને દિવસે પૂર્ણાહુતિમાં સ્વામીશ્રી ને સંતોનું પૂજન કર્યું. આરતી ઉતારી, ભેટ ધરી, ધોતિયાં ઓઢાડ્યાં. સંતો તથા હરિભક્તોએ આશાભાઈની અલૌકિક નિષ્ઠા ને ભાવનું દર્શન કર્યું. તેનાં ગુણાનુગાન કરતાં સૌ વિખરાયા.

ત્યારબાદ કોયલીમાં પણ આ બે ભક્તોની પ્રેરણાથી અદ્‌ભુત સમૈયો યોજાયો અને સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજનું હાથી ઉપર અંબાડીમાં પધરાવી સામૈયું કર્યું. વળી, રઢુમાં પણ એક માસનું પારાયણ યોજી, સર્વ સત્સંગ-સમાજને તેમણે તેડાવ્યો હતો.

સાચા ભક્તોની ભગવાન હંમેશાં કસોટી કરે છે. આશાભાઈ અને ઈશ્વરભાઈ પણ ખેતીમાં ઘણી મહેનત કરતા. પાક પણ સારો થતો, પણ કોઈ ને કોઈ દૈવી આપત્તિ આવી પડતી ને નુકસાન થતું. દેવું વધતું જતું, છતાં એમણે સ્વામીશ્રી પાસે કોઈ વખત પ્રાર્થના કરી નહીં. બીજા ભક્તો તથા નિર્ગુણદાસ સ્વામી સ્વામીશ્રીને ઘણી વાર વિનવતા, ત્યારે સ્વામીશ્રી માત્ર હસતા.

સારંગપુર મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાનો પ્રસંગ નજીક આવતો હતો. સ્વામીશ્રી રઢુ પધાર્યા. આશાભાઈ, ઈશ્વરભાઈ તથા મોતીભાઈ પણ એમની સાથે હતા. રઢુથી એક ગાઉ ઉપર પુરુષોત્તમપુરામાં આશાભાઈની જમીન ને રહેઠાણ. વર્ષનો તમામ પાક – કપાસ, ચણા, ઘઉં વગેરે અનેક મકાનમાં સંગ્રહ કરેલું. અકસ્માતથી કપાસમાં સળગતી દીવાસળી પડી ને આગ ચંપાઈ. જોતજોતાંમાં તો આગે વ્યાપક સ્વરૂપ લીધું ને તમામ માલ-મિલકત અગ્નિની જ્વાળા ભરખી ગઈ. જીવ બચાવી સૌ પહેરેલે કપડે ઘરમાંથી બહાર નીકળી શક્યા.

રઢુમાં આ સમાચાર પહોંચ્યા. શાસ્ત્રીજી મહારાજ અને સંતો દિલગીર થયા. આશાભાઈને સમાચાર આપ્યા. સ્વામીશ્રીની કૃપાથી ને જ્ઞાનદૃષ્ટિથી તેમને બહુ શોક તો ન થયો. પછી આજ્ઞા મળવાથી પુરુષોત્તમપુરા ગયા. બધું જ ભસ્મીભૂત થઈ ગયું હતું. બીજા કોઈનું કાળજું જ તૂટી જાય. પોતાની કસોટી કરવા ભગવાનનું જ આ કર્તવ્ય છે, એમ તેમણે ધારી લીધું. રઢુથી ખીચડી મંગાવી ત્યારે સૌ જમ્યા.

બીજે દિવસે શાસ્ત્રીજી મહારાજ પધાર્યા. નુકસાન જોઈને ઘણા જ દુઃખી થયા. બંને ભાઈઓને સાંત્વન આપ્યું. હજુ પરીક્ષા બાકી રહી હોય એમ સ્વામીશ્રીએ કહ્યું: ‘આ તો આપણા જ કાર્યમાં વિઘ્ન આવ્યું. આપણે સારંગપુર મંદિરની મૂર્તિ માટે જયપુર જવા, પૈસા લેવા આવ્યા અને આ ઉપાધિ આવી.’

બીજાને તો આ પરિસ્થિતિમાં આ માગણીથી અભાવ આવી જાય, પણ આશાભાઈને તો શાસ્ત્રીજી મહારાજમાં અખંડ દિવ્ય બુદ્ધિ હતી. આપત્કાળમાં પણ આજ્ઞાનું પાલન કરી છૂટવાની તેમને તમન્ના હતી. તેઓ આ તક કેમ જતી કરે? શરાફને ત્યાંથી જરૂરી રકમ લઈ આવવા તેમણે મોતીભાઈને

જણાવ્યું. રકમ આવતાં આશાભાઈએ સ્વામીશ્રીને ચરણે ધરી. સ્વામીશ્રી તો એમના તરફ આશ્ચર્યથી જોઈ રહ્યા. બહુ રાજી થયા. ભક્તોને ભેટ્યા અને કહે: 'આ વિષમ પરિસ્થિતિમાં આ સેવા! આ કોઈથી ન બને!'

'અત્યારે તો જે મોજ આપી શકે એવા સમર્થ હોય તે જ માગે. પછી આ ટાણું કેમ ચુકાય?' ગળગળા અવાજે આશાભાઈએ કહ્યું. નિષ્ઠા ને સેવાનું આ અદ્‌ભુત ઉદાહરણ સૌ જોઈ શક્યા. જે કસોટી કરે એ જ રક્ષા કરે અને વિષમ દેશકાળમાં અંતિમ ઘડીએ સ્વામીશ્રી હંમેશાં તેમની સહાય કરતા.

આશાભાઈના મોટા દીકરા દેસાઈ ઉંમરલાયક થયા હતા. ઘણી વાર પૂછવા છતાં શાસ્ત્રીજી મહારાજે એમનાં લગ્ન માટે ના પાડેલી. ઘાસના બીડમાં કામ કરતાં એમને એકાએક સર્પ કરડ્યો. બીજા ઉપાયમાં સૌ દોડ્યા, પણ આશાભાઈએ તો સૌને સ્વામિનારાયણ મંત્રની ધૂન કરવા કહ્યું. સર્પદંશ સખત હતો. ટૂંક સમયમાં જ દેસાઈ ધામમાં ગયા. આ આઘાત અસહ્ય હતો. સૌને ધીરજ આપવા છતાંય આશાભાઈને પોતાના અંતરમાં થોડી અશાંતિ વ્યાપી ગઈ.

બરાબર પંદર દિવસ પછી જ રાત્રે એક વાગે તેઓ ખાટલામાં વિચાર કરતા સૂતા હતા. તેવામાં દેસાઈ તેમની નજીક આવ્યો. 'જય સ્વામિનારાયણ' કહ્યા. જાગ્રત અવસ્થામાં આ દૃશ્યથી આશાભાઈને ઘણું આશ્ચર્ય થયું. દેસાઈને પૂછ્યું: 'અહીં ક્યાંથી?'

'ભગતજી મહારાજ સાથે આવ્યા છે,' દેસાઈએ કહ્યું. ત્યાં ભગતજી મહારાજનાં દર્શન થયાં.

ભગતજીએ દૃષ્ટિ કરી. અંતરમાં શાંતિ થઈ ગઈ. પછી ભગતજીએ શાસ્ત્રીજી મહારાજનો અપાર મહિમા કહ્યો અને એમને રાજી કરી લેવાનો આદેશ આપી, ભગતજી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

પહેલેથી જ આશાભાઈને શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે અપાર હેત હતું. તેમાં પણ આ પ્રસંગથી એ હેતમાં વિશેષ દૃઢતા થઈ. અશાંતિ દૂર થઈ ગઈ. દિન-પ્રતિદિન એમનું જીવન સત્સંગપ્રધાન બનતું ગયું. સમૈયા તથા ઉત્સવોમાં આશાભાઈ અને એમનું કુટુંબ સેવામાં ખડેપગે હોય. શાસ્ત્રીજી મહારાજ ગુજરાતમાં ફરતા હોય ત્યારે પણ પોતે સાથે જ હોય.

શાસ્ત્રીજી મહારાજની ૮૦મી જન્મ જયંતી પ્રસંગે બોચાસણમાં અને

૮૫મી જન્મ જયંતી 'સુવર્ણ મહોત્સવ' પ્રસંગે અટલાદરામાં આશાભાઈ, ઈશ્વરભાઈ તથા મોતીભાઈ અને એમનું કુટુંબ મોખરે. એ બંને ભાઈઓના સંકલ્પથી જ ગઢપુરમાં આરસનું મંદિર બાંધવા શાસ્ત્રીજી મહારાજે નક્કી કર્યું. આ મંદિરની જવાબદારી સોંપતાં છેવટમાં શાસ્ત્રીજી મહારાજે એમને કહ્યું હતું કે તમે તો મુંબઈના શેઠિયા જેવા છો, માટે આ મંદિર તમારે જ પૂરું કરવાનું છે.

શાસ્ત્રીજી મહારાજના અંતર્ધાન પછી સમગ્ર સત્સંગની જવાબદારી યોગીજી મહારાજને શિરે આવી. આશાભાઈએ ગૃહસ્થાશ્રમમાં રહીને આખી જિંદગી સત્સંગની સેવા કરી હતી, સ્વામીશ્રીનો રાજીપો મેળવ્યો હતો, પરંતુ શાસ્ત્રીજી મહારાજે સ્થાપેલી આ સંસ્થા અને સત્સંગ-સમાજ પ્રત્યેની અપાર લાગણીથી પ્રેરાઈને એમણે આત્મસમર્પણનો એક અલૌકિક સંકલ્પ કર્યો.

એમના જીવનનો આ અતિ મહત્ત્વનો પ્રસંગ લેખી શકાય. આખી જિંદગી ગૃહસ્થાશ્રમમાં અનેક દુઃખો સહન કર્યાં પછી આજે એમને આંગણે રિદ્ધિ-સિદ્ધિ આળોટતી હતી. જમીન, જાગીર તથા કુટુંબનો અમાપ વિસ્તાર થઈ રહ્યો હતો. જીવનનાં આ અંતિમ વર્ષોમાં મનુષ્ય જ્યારે વિશ્રાંતિ અને સુખ ઇચ્છે છે, મુસીબતોને ઠેલે છે, ત્યારે આ મહાપુરુષે કઠિનાઈઓને આવકારી. ત્યાગાશ્રમ કે જેમાં શરીર અને મનનું સતત દમન છે એવા વિકટ માર્ગનો આશ્રય લીધો. ઇતિહાસ અને પુરાણના રાજવીઓના ત્યાગને તાદશ કરી બતાવ્યો; પણ આ ત્યાગમાં વિશેષતા હતી – ગુરુવર્યને રાજી કરવાની.

સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના અક્ષરધામગમન પછી તરત સીત્તેર વર્ષની ઉંમરે આશાભાઈએ યોગીજી મહારાજના વરદ હસ્તે ભાગવતી દીક્ષા લીધી અને 'યજ્ઞપ્રિયદાસ' એવું શુભ નામ ધારણ કર્યું. તેઓ યોગીજી મહારાજની સાથે સત્સંગમાં વિચરણ કરવા લાગ્યા અને શાસ્ત્રીજી મહારાજે સોંપેલાં અનેક કાર્યોમાં સહયોગી બન્યા. ધીરે ધીરે તેઓ 'મોટા સ્વામી'ના હુલામણા નામથી ઓળખાવા લાગ્યા.

શાસ્ત્રીજી મહારાજ સાથે રહીને એમણે સત્સંગના ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનના સિદ્ધાંત સંબંધી અનેક વાતો સાંભળી હતી. તે જ્ઞાનનો ભંડાર એમણે ખૂલ્લો મૂક્યો. હજારો હરિભક્તોને કથાવાર્તાથી સમાસ કર્યો. યોગીજી મહારાજ સાથે પૂર્વ આફ્રિકા પધાર્યા.

પાછળનાં વર્ષોમાં અટલાદરા મંદિરનાં શિખરો, સોનાનાં સિંહાસનો,

સભામંડપ, ભોજનશાળા, દરવાજો વગેરે પૂરાં કરીને ખૂબ જ ખંતથી મંદિરને સજાવ્યું. શાસ્ત્રીજી મહારાજનો શતાબ્દી મહોત્સવ અને યોગીજી મહારાજના અમૃત મહોત્સવ જેવા ઐતિહાસિક ઉત્સવોમાં સૌને દર્શન આપ્યાં. સત્તર વર્ષ સુધી ત્યાગાશ્રમમાં અવિરત સેવા કરીને જાણે પોતાનું કાર્ય પૂરું થયું હોય તેમ તેમણે દેહલીલા સંકેલી લીધી. તેમની જીવનસૌરભથી સમગ્ર સત્સંગને સત્સંગમાં રંતિદેવ પ્રગટ્યાની પ્રતીતિ થઈ!